


આશીર્વાદ
શ્રી ભાગવત વિદ્યાપીઠ અને
માનવમંદિરના સૌજન્યથી
પ્રથમ વર્ષ
ત્રીજો અંક
જા.-યુ. '૬૭
S.S.Panchal

सत्यम् शिवम् सुंदरम् ।

# આશીર્વાદ

સર્વે સુખિન: સન્તુ

વર્ષ : ૧ ] સંવત ૨૦૨૩: માર્ગશીર્ષ : જાન્યુઆરી ૧૯૬૭ [ અંક : ૩



સંસ્થાપક

દેવેન્દ્રવિજય

'જય ભગવાન'

*

અધ્યક્ષ

કૃષ્ણશંકર શાસ્ત્રી

*

સંપાદનસમિતિ

એમ. જે. ગોરધનદાસ

કનૈયાલાલ દવે

*

માનદ્ વ્યવસ્થાપક

'શિવશક્તિ'

*

કાર્યાલય

ભાઉની પોળની બારી પાસે,

રાયપુર, અમદાવાદ–૧

*

વાર્ષિક લવાજમ

ભારતમાં રૂ. ૩–૦૦

વિદેશમાં શિલિંગ ૬–૦૦


## સાક્ષાત્કાર

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥

જે મનુષ્ય સર્વમાં પરમાત્માને જુએ છે, સર્વ પ્રાણી–પદાર્થો વિશ્વરૂપે પ્રકટ થયેલા પરમાત્માનાં જ સ્વરૂપો છે એમ જે જુએ છે, જે આત્મા પોતામાં છે તે જ સર્વમાં છે એમ જે અનુભવે છે, સર્વ પ્રાણીઓ અને સર્વ પદાર્થો પોતાનાં જ જુદાં જુદાં સ્વરૂપો છે એમ જે જુએ છે, તેને સમસ્ત સૃષ્ટિ સાથે આત્મભાવ થાય છે. કોઈના પ્રત્યે રાગ દ્વેષ કે કપટ તેનામાં રહેતાં નથી. પોતાને જ સર્વમાં જોનારો એવો તે મનુષ્ય પોતાના પ્રત્યે જેટલો પ્રેમ કરે છે, તેટલો જ સર્વ પ્રત્યે કરે છે, નિત્ય સર્વના હિત માટે તત્પર રહે છે, પોતાને પ્રાપ્ત થયેલ તન–મન–ધનને સર્વના હિત માટે વાપરે છે. તેનામાં સ્વાર્થ, અભિમાન અને લોલુપતાથી એક વ્યક્તિરૂપે નાના (સંકુચિત) બની રહેવાની વૃત્તિ નથી, પણ ત્યાગ, સર્વાત્મભાવ અને પરોપકારીપણાથી સર્વમાં ઓતપ્રોત બની રહેવાની વૃત્તિ છે. તેને માટે પરમાત્મા અદૃશ્ય કે નાશ પામેલો નથી, પણ સદા પ્રત્યક્ષ–હાજરાહજૂર છે, તેને માટે આ જગત જ પરમાત્માનું મૂર્તિમંત સ્વરૂપ છે, અને તેવો મનુષ્ય પણ નિત્ય પરમાત્માના સાન્નિધ્યમાં રહેલો છે. પરમાત્માથી તે દૂર નથી, પણ નિત્ય અનુગૃહીત છે. પરમાત્મા તેને નિત્ય આત્મરૂપે નીરખે છે અને પરમાત્માએ તે મનુષ્યને નિત્ય આત્મરૂપે અપનાવેલો છે.

ॐ

# અનુક્રમ


| | | |
|---|---|---|
| સાક્ષાત્કાર | "ૐ" | |
| મઙ્ગલાયતનમ્ | ......... | ૩ |
| ઉત્તરાયણ (૧) | 'શ્રી મધ્યબિંદુ' | ૫ |
| શ્રી ભાગવત વિદ્યાપીઠ સ્થાપવાની આદર્શ યોજના (રૂપરેખા) | ......... | ૭ |
| પરાયા ? | અણુભાઈ શેખાણી | ૮ |
| સર્વમાં એક તમે જ છો | શ્રી અરવિંદ | ૯ |
| આત્મદર્શન (કવિત) | કબીર | ૧૦ |
| સમુદ્રમંથન-૨ | શ્રી ડોંગરે મહારાજ | ૧૧ |
| ગોવધબંધી અંગે | શ્રી વિનોબા ભાવે | ૧૫ |
| અવતાર | શ્રી માતાજી | ૧૬ |
| અંતરની ભલાઈ | મહાત્મા જેમ્સ એલન | ૧૭ |
| જીવન સુધરે તો જ સાધનાની સફળતા | શ્રી 'વત્સલા' | ૧૮ |
| એકબીજાના સહાયક બનો | દાદા ધર્માધિકારી | ૧૮ |
| નિર્ભયતા ક્યાંથી પ્રકટે છે ? | મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી | ૧૯ |
| પ્રકાશની ક્ષણ | આર્ડીસ વ્હીટમૅન | ૨૦ |
| ગોધન : રાષ્ટ્રીય ઉત્કર્ષનું અંગ | પ્રા. રશ્મિકાન્ત ત્રિવેદી | ૨૧ |
| 'હું તો એક સેવક છું' | શ્રી મનુબહેન ગાંધી | ૨૪ |
| પ્રાર્થનાની મહત્તા | શ્રી 'શિવશક્તિ' | ૨૫ |
| શું વળ્યું ? | પં. શ્રી નાનચંદ્રજી મહારાજ | ૨૫ |
| આર્ય નારી | શ્રી 'પૂર્ણિમા' | ૨૭ |
| સ્વભાવનું ઓસડ નથી | ......... | ૩૧ |
| પોકળ અને નગદ | ......... | ૩૨ |
| ભક્ત સુરદાસજી | ડૉ. હરિપ્રસાદ આચાર્ય | ૩૩ |


## આવશ્યક માહિતી

**પ્રકાશનના સામાન્ય નિયમો**

- દર મહિનાની ૧૫મી તારીખે પ્રકટ થાય છે.
- તા. ૨૨મી સુધીમાં અંક ન મળે તો પોસ્ટ ઑફિસ સાથે સંપર્ક સાધી તેના જવાબ સહિત કાર્યાલયને જાણ કરવી.
- પત્રવ્યવહાર સમયે ગ્રાહક નંબર અથવા લવાજમ પહોંચ નંબર જણાવવો જરૂરી છે.

■

આશીર્વાદ ન મળવા બાબત, અગર કોઈ પણ ફરિયાદ અંગે પત્રવ્યવહાર કરતી વખતે આપનો ગ્રાહક નંબર અથવા લવાજમ પહોંચ નંબર જણાવવા ખાસ વિનંતી છે.

## આશીર્વાદમાં—

- જીવનનાં સત્યોનું દર્શન આપનારું સાહિત્ય પ્રકટ કરવામાં આવે છે.
- કોઈ પણ મનુષ્યને તેના વ્યાવહારિક ક્ષેત્રમાં વાસ્તવિક માર્ગદર્શન, ઉચ્ચ પ્રેરણા-પ્રકાશ મળે તેવું સાહિત્ય આપવામાં આવે છે.
- સર્વ ધર્મો, ધર્મ-સંપ્રદાયો, આગમો-દર્શનો-શાસ્ત્રો-માંથી જીવનનો વિકાસ કરનાર સારભૂત તત્ત્વ આપવામાં આવે છે.
- આ ધોરણના લેખો, સત્ત્વયુક્ત વાર્તાઓ, કાવ્યો, ઉપયોગી જીવનપ્રસંગો, બોધક અનુભવો વગેરેનું સાહિત્ય પ્રકટ કરાય છે.
- આ પ્રકારનું સાહિત્ય મોકલવા સૌકોઈ લેખકોને આમંત્રણ છે.
- પ્રસિદ્ધ કરાયેલ કૃતિ માટે પુરસ્કાર આપવામાં આવે છે.

# म ङ्ग ला य त न म्

**શ્રીમદ્દ્ભાગવતનાં કંઠસ્થ કરવા લાયક શ્રેષ્ઠ શ્લોકરત્નો**

## પરમ વૈષ્ણવ અથવા શ્રેષ્ઠ સત્પુરુષ કોણ ?

**सर्वभूतेषु यः पश्येद् भगवद्भावमात्मनः ।**
**भूतानि भगवत्यात्मन्येष भागवतोत्तमः ॥ १ ॥**

જે મનુષ્ય સર્વ પ્રાણી–પદાર્થોમાં પોતાને ભગવદ્દ્ભાવે રહેલો જુએ છે અને સર્વ પ્રાણી–પદાર્થોને ભગવત્સ્વરૂપ પોતાની અંદર રહેલા જુએ છે, તે ઉત્તમ ભગવદીય જન છે.

**ईश्वरे तदधीनेषु बालिशेषु द्विषत्सु च ।**
**प्रेम-मैत्री-कृपोपेक्षां यः करोति स मध्यमः ॥ २ ॥**

જે મનુષ્ય ભગવાન પ્રત્યે પ્રેમ કરે છે, ભગવાનના ભક્તો સાથે મિત્રતા કરે છે, અજ્ઞાનીઓ પ્રત્યે કૃપાભાવ રાખે છે અને દ્વેષ કરનારાઓની ઉપેક્ષા કરે છે, તે મધ્યમ પ્રકારનો ભગવદીય જન છે.

**अर्चायामेव हरये पूजां य श्रद्धयेहते ।**
**न तद्भक्तेषु चान्येषु स भक्तः प्राकृतः स्मृतः ॥ ३ ॥**

જે મનુષ્ય ભગવાનની મૂર્તિ, છબિ વગેરેમાં શ્રદ્ધાથી પૂજા કરે છે, પરંતુ ભગવાનના ભક્તોમાં અને અન્ય પ્રાણીઓમાં જે ભગવાનને જોતો નથી, તેમનાં સેવા–સત્કાર કે આદર કરતો નથી, તેવો ભક્ત કેવળ પ્રાકૃત (જડ–મૂર્ખ) છે.

**गृहीत्वापीन्द्रियैरर्थान् यो न द्वेष्टि न हृष्यति ।**
**विष्णोर्मायामिदं पश्यन् स वै भागवतोत्तमः ॥ ४ ॥**

જે મનુષ્ય ઇંદ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ કરે છે, વિષયોનો અનુભવ કરે છે, પરંતુ અમુક વિષયો પોતાને અનુકૂળ છે એમ ગણીને હર્ષિત થતો નથી અને અમુક બાબતો પોતાને પ્રતિકૂળ છે એમ ગણીને તેમનો દ્વેષ કરતો નથી, પરંતુ આ સર્વ કંઈ ભગવાનની માયા છે એ દૃષ્ટિએ દરેક બાબતને સમતાથી જુએ છે, તે ઉત્તમ ભાગવત જન (શ્રેષ્ઠ વૈષ્ણવ) છે.

**देहेन्द्रियप्राणमनोधियां यो जन्माप्ययक्षुद्भयतर्षकृच्छ्रैः ।**
**संसारधर्मैरविमुह्यमानः स्मृत्या हरेर्भागवतप्रधानः ॥ ५ ॥**

જે મનુષ્ય સર્વ પ્રસંગોમાં ભગવાનના સ્મરણ–ચિંતન–અનુભવમાં મગ્ન રહે છે અને જન્મ–મૃત્યુ, ભૂખ–તરસ, શ્રમ–કષ્ટ, ભય, તૃષ્ણા વગેરે સાંસારિક ધર્મોથી—સંસારની પરિસ્થિતિઓથી મૂંઝાતો નથી, કોઈ પદાર્થોમાં મોહ પામતો નથી, તે ઉત્તમ ભગવદીય પુરુષ છે.

**न कामकर्मबीजानां यस्य चेतसि संभवः ।**
**वासुदेवैकनिलयः स वै भागवतोत्तमः ॥ ६ ॥**

જે મનુષ્ય આત્મસ્વરૂપે સર્વમાં વસી રહેલા એક વાસુદેવનું જ નિશ્ચિત પ્રકારે દર્શન કરે છે અને એ ભગવાનના અનુભવમાં જ લીન રહે છે, એને માટે જગતમાં આત્માથી બીજો કોઈ પદાર્થ જ રહેતો ન

હોવાથી તેના ચિત્તમાં કોઈ કામના, કોઈ પદાર્થ ભોગવવાની કે મેળવવાથી ઇચ્છા જ રહેતી નથી, એથી તે કામનાથી પ્રેરાઈને કંઈ કર્મ કે પ્રવૃત્તિ કરતો નથી, પણ પરોપકારાર્થે તેની પ્રવૃત્તિ થતી જ રહે છે. આવો મનુષ્ય ઉત્તમ ભગવદ્ભક્ત છે.

न यस्य जन्मकर्मभ्यां न वर्णाश्रमजातिभिः ।
सज्जतेऽस्मिन्नहंभावो देहे वै स हरेः प्रियः ॥ ७ ॥

જે મનુષ્યને આ શરીરની ગણાતી ઉચ્ચ અથવા નીચ જાતિમાં, ઉચ્ચ અથવા હીન કર્મમાં, તેના વર્ણ અને આશ્રમમાં અહંકાર અથવા અભિમાન ઉત્પન્ન થતું નથી, જે મનુષ્ય શરીરની ઉચ્ચતા અથવા હીનતાથી ગૌરવ અથવા લાઘવ અનુભવતો નથી અને શરીરમાં હુંપણાના ભાવથી મુક્ત રહે છે તે પણ ભગવાનનો પ્રિય છે.

न यस्य स्वः पर इति वित्तेष्वात्मनि वा भिदा ।
सर्वभूतसमः शान्तः स वै भागवतोत्तमः ॥ ८ ॥

જેને શરીર અથવા ધનસંપત્તિમાં આ પોતાનું અને આ પારકું એવો ભેદભાવ નથી, જે સમસ્ત પ્રાણી–પદાર્થોમાં સમસ્વરૂપ પરમાત્માને અથવા પોતાને જ જુએ છે અને સર્વ પ્રત્યે સમભાવ રાખે છે, કોઈ પણ ઘટનાથી હર્ષ અથવા શોક યુક્ત ન થતાં શાન્ત રહે છે, તે ઉત્તમ ભગવત્સ્વરૂપને પામેલો છે.

त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठस्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात् ।
न चलति भगवत्पदारविन्दाल्लवनिमिषार्धमपि यः स वैष्णवाग्र्यः ॥ ९ ॥

અજિતેન્દ્રિય મનુષ્યો અને દેવો પણ ભગવાનના જે ચરણકમળને શોધી શકતા નથી, તે ચરણકમળના સ્મરણથી જે મનુષ્ય ત્રણે લોકનો વૈભવ મળતો હોય તો પણ કુંઠિત થતો નથી, ત્રણે લોકના સુખભોગના બદલામાં પણ ભગવાનના ચરણકમળના સ્મરણથી જે અર્ધી ક્ષણ માટે પણ ચલિત થતો નથી, તે ઉત્તમ વૈષ્ણવ છે.

भगवत उरुविक्रमाङ्घ्रिशाखानखमणिचन्द्रिकया निरस्ततापे ।
हृदि कथमुपसीदतां पुनः स प्रभवति चन्द्र इवोदितेऽर्कतापः ॥ १० ॥

જેમ ચંદ્રનો ઉદય થાય ત્યારે સૂર્યનો તાપ સંભવતો નથી, તેમ જેના હૃદયમાં ભગવાનના ચરણ-કમળના તત્ત્વરૂપ મણિના ચાંદની સમાન પ્રકાશથી કામાદિ તાપો નાશ પામ્યા છે તેના હૃદયમાં ફરીથી તે કામાદિનો સંતાપ કેમ ઉત્પન્ન થઈ શકે? (ન જ થાય.)

विसृजति हृदयं न यस्य साक्षात् हरिरवशाभिहितोऽप्यघौघनाशः ।
प्रणयरशनया धृताङ्घ्रिपद्मः स भवति भागवतप्रधान उक्तः ॥ ११ ॥

વિવશ સ્થિતિમાં પણ નામોચ્ચારણ કરવાથી પાપના સમૂહનો નાશ કરનારા ભગવાન જે હૃદયમાં પોતાનાં ચરણકમળ પ્રેમની દોરીથી બંધાઈ જવાને લીધે તે હૃદયને છોડી શકતા નથી અને જેને પોતાનો સાક્ષાત્ (પ્રત્યક્ષ–અપરોક્ષ) અનુભવ આપ્યા કરે છે, તેને ભગવાનના ભક્તોમાં ઉત્તમ કહેલો છે.

[શ્રીમદ્ભાગવત સ્કંધ ૧૧ અધ્યાય ૨, ૪૫–૫૫]

# ઉત્તરાયણ

## ૧

શ્રી 'મધ્યબિંદુ'

ત્યારે મનુએ પૂછ્યું : ઉત્તરાયણ કોને કહેવામાં આવે છે ?

સુદર્શન કહે છે : જે સૂર્ય છે તે ઉત્તમ છે. તમસ્ એટલે અંધકારથી જે સર્વ કરતાં ઉત્ અર્થાત્ ઊંચે રહેલો છે તે ઉત્તમ છે એવો અર્થ અહીં લેવાનો છે સૂર્ય ઉત્તમ છે અર્થાત્ અંધકારથી સર્વ કરતાં ઊંચે છે. अयन એટલે ગતિ અથવા જવું. અંધકારવાળી સ્થિતિમાંથી ઊંચેની તરફ જવું, પ્રકાશવાળી સ્થિતિ તરફ જવું એ ઉત્તરાયણ છે. આપણે જન્મ લઈને કામ જ એ કરવાનું છે કે અંધકારવાળી સ્થિતિમાંથી પ્રકાશવાળી સ્થિતિમાં જવું.

આપણા જીવનમાં રહેલી ઓછી સમજણશક્તિ એ અંધકાર છે, જડતા એ અંધકાર છે, અજ્ઞાન એ અંધકાર છે; કામ–ક્રોધ–લોભ મોહ એ અંધકાર છે, પ્રમાદ એ અંધકાર છે, નિર્દયતા અને નિષ્ઠુરતા એ અંધકાર છે, અન્યાય, અનીતિ, હિંસા એ અંધકાર છે, આ બધામાંથી આપણે જેમ જેમ છૂટતા જઈએ છીએ તેમ તેમ આપણા જીવનનું ઉત્તરાયણ થતું જાય છે, આપણા જીવનમાંથી અંધકાર ઓછો થતો જાય છે અને પ્રકાશ પ્રકટતો જાય છે. જન્મ લઈને આપણે બધાં કામ દ્વારા મુખ્ય કામ આ જ કરવાનું છે કે આપણા જીવનમાં ઉત્તરાયણ થાય. કવિ શ્રી રવીન્દ્રનાથ ટાગોરે પોતાના બંગલાનું નામ 'ઉત્તરાયણ' રાખ્યું તેનો મર્મ એમ કહી શકાય કે આ જિંદગીનું ધ્યેય અંધકારમાંથી નીકળી પ્રકાશ તરફ જવાનું છે, આ જીવન દ્વારા આપણે પ્રકાશ તરફ ગતિ કરવાની છે. પશુઓમાં મનુષ્યો કરતાં ઓછી સમજણ શક્તિ છે, મનુષ્યો કરતાં વધારે જડતા છે. આનો અર્થ એ કે પશુઓમાં મનુષ્યો કરતાં ઉત્તરાયણ ઓછું છે, પશુઓ અંધકારમાંથી પ્રકાશ તરફ મનુષ્યો કરતાં ઓછાં આવેલાં છે. માણસોમાં પણ કેટલાક વધારે જડ હોય છે, મૂર્ખ હોય છે, ઓછી સમજણશક્તિવાળા હોય છે. આ બધામાં પણ ઉત્તરાયણ એટલું ઓછું સમજવાનું છે. અને માણસોએ પોતાની બધી સમજણશક્તિ વડે, પોતાના જીવનની બધી જાતની શક્તિ વડે અંધકારમાંથી નીકળીને પ્રકાશ તરફ આગળ વધવાનું છે. સૌ કોઈએ પોતાના જીવનમાં નિત્ય આ ભાવના જાગ્રત રાખવી જોઈએ. પેલો સૂર્યોપસ્થાનનો વેદમંત્ર આપણને આ જ કહે છે : उत् वयं तमसः परि स्वः पश्यन्त उत्तरम् । देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ॥

મનુએ પૂછ્યું : ઉત્તરાયણનો સૂર્યની સાથે શો સંબંધ છે ?

સુદર્શન કહે છે : સૂર્ય ઉત્તમ છે અર્થાત્ અંધકારથી સર્વ કરતાં ઊંચે છે, અંધકારથી સર્વ કરતાં પર છે, અંધકારથી સર્વ રીતે મુક્ત છે. જે અંધકારથી સર્વ કરતાં પર, અંધકારથી સર્વ રીતે મુક્ત હોય તેને જ सूर्य નામ આપી શકાય. 'પ્રેરણા કરનાર' એવા અર્થવાળા (षु प्रेरणे) ક્રિયાપદ ઉપરથી 'સૂર્ય' શબ્દ બન્યો છે. હવે પ્રેરણા કોણ આપી શકે ? જે અજ્ઞાનથી, જડતાથી, અંધકારથી પર હોય તે જ પ્રેરક બની શકે. ઘેટાંને પ્રેરનાર ભરવાડ ઘેટાં કરતાં વિશેષ ચેતનાવાળો, વિશેષ પ્રકાશવાળો હોય છે વિશેષ જ્ઞાનવાળો માણસ જ, તેના કરતાં ઓછા જ્ઞાનવાળા માણસોનો પ્રેરક બનતો હોય છે. અજ્ઞાન, અંધકાર અથવા જડતાથી સંપૂર્ણ રીતે મુક્ત હોય તે સૌ કોઈનો પ્રેરક બને છે.

અજ્ઞાન, અંધકાર અથવા જડતાથી સંપૂર્ણ રીતે મુક્ત હોય એવો તો એક પરમાત્મા છે તે સમસ્ત પ્રકૃતિને–સમસ્ત વિશ્વનો પ્રેરક છે. એથી સૂર્ય શબ્દ તેના વિશાળ અર્થમાં પરમાત્માનો વાચક છે. આ પરમાત્મા સૂર્ય તરીકે (અર્થાત્ પ્રેરનાર તરીકે) ત્રણ સ્વરૂપે કામ કરી રહ્યો છે. આ ત્રણ સ્વરૂપોનાં નામ છે : આધિભૌતિક, અધિદૈવિક અને આધ્યાત્મિક, અગ્નિ એ સૂર્યનું આધિભૌતિક સ્વરૂપ છે. આધિભૌતિક એટલે ભૂતોમાં રહેલું સ્થૂલ પદાર્થોમાં રહેલું સ્વરૂપ તે આધિભૌતિક સ્વરૂપ. જો પદાર્થોમાં અગ્નિ અથવા ઉષ્ણતારૂપે સૂર્યનું તત્ત્વ રહેલું ન હોય તો બધા પદાર્થો બરફ કરતાંયે વધારે ઠંડા હોય, કોઈ પદાર્થ ઊગે નહીં, વધે નહીં, પાંગરે નહીં, કોઈ નાનાથી મોટો થાય નહીં. બધા પદાર્થો કેવળ જડવત્ જેમના તેમ પડી રહે. શરીરમાં માધેલું પણ જેમનું તેમ પડી રહે. પચે નહીં. એથી અગ્નિરૂપે સૂર્યનું જે સ્વરૂપ ભૂતોમાં (પદાર્થોમાં) પ્રવેશી ભૂતોને જુદી અવસ્થામાં પ્રેરે છે, રૂપાન્તરમાં પલટાવે છે તે સૂર્યનું આધિભૌતિક સ્વરૂપ છે.

સૂર્યનું બીજું અથવા મધ્યમ સ્વરૂપ તે આકાશમાં સૂર્યરૂપે પ્રકાશી રહેલું સ્વરૂપ. તેને જ સૂર્યનું આધિદૈવિક સ્વરૂપ કહેવામાં આવે છે. સૂર્ય 'દેવ' છે એટલે કે તે ઇંદ્રિયોને પ્રકાશિત કરનાર, ઇંદ્રિયોને પ્રકાશ આપનાર અને ઇંદ્રિયોને પ્રેરનાર છે. આકાશમાં રહેલા સૂર્યના પ્રકાશથી જ બધા

પદાર્થો પ્રકાશિત થાય છે, આકાશમાં રહેલા સૂર્યનું તેજ–તેજનો અંશ મળવીને જ આંખ જોઈ શકે છે. સૂર્યના તેજનો અંશ પોતાની અંદર હોવાને લીધે જ આંખ જોઈ શકે છે. આથી ચક્ષુરિન્દ્રિયનો (આંખનો) દેવતા સૂર્ય ગણાય છે આ રીતે આકાશનો સૂર્ય એ પરમાત્મારૂપી સૂર્યનું આધિદૈવિક (ઇંદ્રિયોમાં પ્રવેશ પામેલું–ઇંદ્રિયોના સંબંધવાળું) સ્વરૂપ છે.

સૂર્યનું ત્રીજું અથવા ઉત્તમ સ્વરૂપ તે પ્રાણી-માત્રમાં અંતર્યામીસ્વરૂપે પ્રકાશી રહેલું સ્વરૂપ. તેને જ સૂર્યનું આધ્યાત્મિક સ્વરૂપ કહેવામાં આવે છે. આધ્યાત્મિક એટલે પ્રત્યેક શરીરના અંદર, પ્રત્યેક પ્રાણીની અંદર તેનાં મન–બુદ્ધિને પ્રેરનારું, મન–બુદ્ધિને પ્રકાશિત કરનારું સ્વરૂપ. બુદ્ધિમાં જે પ્રકાશ આવે છે, જ્ઞાનની વૃદ્ધિ થાય છે, ચેતનાની વૃદ્ધિ થાય છે, સમજણશક્તિની–નિર્ણયશક્તિની વૃદ્ધિ થાય છે તે અંતર્યામી સૂર્યના સંપર્કને લીધે જ થાય છે.

આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક આ ત્રણ સ્વરૂપો એ જુદા જુદા ત્રણ પદાર્થો નથી, પણ એક જ વસ્તુનાં ત્રણ સ્વરૂપો છે. જેમ બરફ, પાણી અને વરાળમાં વસ્તુ એક જ છે, તેમ પરમ તત્ત્વ એક જ છે તે લીલા માટે પોતાને આધિભૌતિક રૂપે, આધિદૈવિક રૂપે અને આધ્યાત્મિક રૂપે પ્રકટ કરી રહેલ છે. જેમ શરીર, ઇંદ્રિયો અને મન–બુદ્ધિ આ જુદાં જુદાં લાગતાં ત્રણ સ્વરૂપોમાં એક આત્મા જ પ્રકટ થયો છે અને તેમને પ્રવૃત્તિમાં પ્રેરે છે, તેવી જ રીતે એક પરમ તત્ત્વ જ આ સર્વ પ્રાણી–પદાર્થોરૂપે પ્રકટ થઈને તેમને પ્રવૃત્તિમાં પ્રેરી રહ્યું છે.

જ્યાં સુધી પ્રાણી કેવળ ભૌતિક પદાર્થોમાં જ રસવાળો, ભૌતિક પદાર્થોની જ આસક્તિવાળો હોય છે, ત્યાં સુધી તેના જીવનમાં જડતાનું પ્રાધાન્ય રહે છે, તેનું જીવન કેવળ આધિભૌતિક પ્રકારનું-વનસ્પતિ કે પશુના પ્રકારનું રહે છે. તેવું જીવન અત્યન્ત હીન છે. જ્યારે પ્રાણીનું જીવન સ્થૂલ પદાર્થો અને ઇંદ્રિયોના મોજશોખમાં જ ડૂબેલું રહે છે, ત્યારે તે જીવન મુખ્યત્વે આધિભૌતિક અને આધિ-દૈવિકતાવાળું જ રહે છે. આવું જીવન મધ્યમ પ્રકારનું છે, અને તે પણ અપૂર્ણ છે. જ્યારે પ્રાણી સ્થૂલ વિષયો અને ઇંદ્રિયોનાં જ્ઞાનોને જાણનાર, સમજનાર અને તે જ્ઞાનોનો નિર્ણય કરનાર તત્ત્વના અનુભવમાં જોડાય છે ત્યારે તેનું જીવન આધ્યાત્મિક પ્રકારનું બને છે. કારણ કે વિષયો અને ઇંદ્રિયોનાં જ્ઞાનોને જાણનાર–સમજનાર–નિર્ણય કરનાર તત્ત્વ એ જ પ્રાણીમાં તેના અહંભાવરૂપે અથવા આત્મારૂપે હોય છે. પોતાના આધ્યાત્મિક સ્વરૂપના અનુભવવાળું જીવન એ ઉચ્ચ પ્રકારનું જીવન છે.

પ્રાણી માત્રનાં અને આખા વિશ્વનાં આધિ-ભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક જીવનસ્વરૂપોનો પ્રકાશ કરનાર અને તેમને પ્રેરનાર તત્ત્વ તે પરમાત્મા અથવા સૂર્ય છે. જે પ્રાણીનું જીવન પોતાના આધ્યાત્મિક સ્વરૂપનો અનુભવ કરવા જેટલું સચેતન અને પ્રકાશયુક્ત સ્થિતિએ પહોંચ્યું હોય છે, તે પોતાના પારમાત્મિક સ્વરૂપને અથવા સૂર્યને પ્રાપ્ત કરવા તરફ, વધુ ઉચ્ચતર સ્થિતિ તરફ ગતિમાન થઈ શકે છે. જીવનની આ ઉચ્ચતર સ્થિતિ તરફ ગતિ થવી એ જ ઉત્તરાયણ છે.

'પતંગ' શબ્દનો અર્થ પણ સંસ્કૃતમાં 'સૂર્ય' થાય છે. પરમાત્મારૂપી સૂર્ય એ મહાપતંગ છે, ઉચ્ચતમ પતંગ અથવા ઉત્તમ પતંગ છે. વ્યક્તિનું જીવન અથવા વ્યક્તિનો અહંભાવ એ મહાપતંગના જ અંશરૂપ નાનો પતંગ છે આપણા જીવનરૂપી પતંગને, આપણા વ્યક્તિત્વરૂપી–અહંભાવરૂપી પતંગને નીચે પડતો–નીચે જતો બચાવીને પરમાત્મારૂપી સૂર્ય તરફ ઉચ્ચ ગતિવાળો બનાવવો એ જ ઉત્તરાયણ છે. આ ઉચ્ચ ગતિ એ જ ઉત્તરાયણ અથવા શુક્લ ગતિ છે. આ જગતમાં શાશ્વત કાળથી શુક્લ અને કૃષ્ણ અથવા ઉચ્ચ અને હીન બે પ્રકારની ગતિ પ્રવર્તી રહી છે: शुक्लकृष्णगती ह्येते जगतः शाश्वते मते। શુક્લ ગતિ એટલે ઉત્તરાયણ અને કૃષ્ણ ગતિ એટલે હીન ગતિ અથવા અધોગતિ. જગતનાં તમામ પ્રાણી-ઓના જીવનમાં આ બે પ્રકારની ગતિ જોઈ શકાય છે. પ્રત્યેક પ્રાણીના જીવનમાં આ બેમાંથી કોઈ પણ એક ગતિ તરફનું પ્રયાણ મુખ્યપણે હોય છે. આ બે ગતિનાં સ્વરૂપ વિષે આપણે હવે પછી વિગતવાર જોઈશું અને ઉત્તરાયણ પ્રત્યે અથવા શુક્લગતિ પ્રત્યે આપણે વિશેષ રીતે અને સભાનપણે કેવી રીતે પ્રવૃત્ત થઈ શકીએ તે વિચારીશું.

## પરાયા !

* કોને કહું પરાયાં, કોને કહું હું મારાં !
દુઃખ દર્દ છે જીવનને રસ્તો બતાવનારાં.

* જીવનના આંગણામાં દુઃખદર્દના ઉતારા,
એક જાય બીજું આવે કોના કરું કિનારા !

* ઊંચી ઇમારતોમાં દીઠા વિચાર નીચા,
નીચાં ઘરોમાં દીઠી ઊંચી વિચારધારા.

* શત્રુની બીક ક્યાં છે! શત્રુ તો છે ઉઘાડા,
ઘરમાં રહીને ઘરને મિત્રો છે બાળનારા.

* શું બાળશે બીજાઓ બળતણ પડયું છે ઘરમાં!
અંતરને બાળનારા અંતરમાં છે અંગારા.

* કોને કહું હું સારા, કોને કહું નઠારા!
નદીઓને શોષનારા સાગર બધાય ખારા.

* કર્મે લખાયાં બંધન છૂટે નહીં 'શેખાણી',
આ જિંદગીની સાથે છે મોતના પનારા.

અબુભાઈ શેખાણી, મોરબી

## સત્કાર્યોની સુવાસરૂપે અમર બન્યા

મોરબીનિવાસી ગુજરાતના અગ્રગણ્ય શાહસોદાગર દાનવીર શેઠશ્રી રસિકલાલ પ્રભાશંકર શેઠનું તા. ૨૭–૧૨–૬૬ના રોજ મુંબઈ તેમના માટુંગાના મુકામે શોકજનક અવસાન થયું છે. સ્વર્ગસ્થ સાચા દાનવીર હતા અને કોઈ પણ ભેદભાવ વિના સહાનુભૂતિપૂર્વક તેઓ દાન આપતા. મુંબઈ માનવમંદિરમાં તેમના નામની સ્કૂલ અને વિદ્યાપીઠ ચાલે છે.

શ્રીમતી નંદકુંવર રસિકલાલ પ્ર૦ શેઠ વિવિધલક્ષી વિદ્યાલય, જૈન ક્લિનિક, બોરીવલીમાં દવાખાનું, તેમ જ મોરબીમાં પણ અનેકવિધ ક્ષેત્રમાં તેમણે દાનપ્રવાહ વહેવડાવ્યો છે. સ્વર્ગસ્થ એમની પાછળ બહોળો પરિવાર અને સન્મિત્રોને પોતાની ચિર યાદમાં ગરકાવ કરી ગયા છે.

સહૃદયતા, સાદાઈ, નિરભિમાનપણું, ઉચ્ચ પ્રકારની દાનવીરતા અને ભક્તહૃદય આવા ઉમદા ગુણોનો સુભગ સંયોગ સંસારમાં કોઈ વિરલ મહાનુભવોમાં જ હોય છે. માનવમંદિરને તેમની વિદાયથી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને ચિરશાન્તિ અર્પો !

# આંસુ ક્યારે સુકાય?

ઓ રામ, તારે નયને નીર આ શાનાં?
ખોટાં કાઢે જાનકીજીનાં બહાનાં.

અમે તો રડતા પણ તુંય જો રડીશ તો,
ક્યાંયના નહીં રહેવાના.

બેઉ જો આમ રડયા કરીશું તો પછી,
કોણ કોનાં આંસુ લૂછવાના?

હે રામ, તારે હાથે તો આ સઘળા રાક્ષસ મરવાના,
પહેલેથી જ જો રડશો તમે તો ભૂંડા હાલ થવાના;
કહે રામ 'મને ખબર નહોતી કે મારા થઈને જે ફરનારા,
તે જ હવે કામ એવાં કરે છે જે મારી આંખોમાં ધૂળ નાખનારાં.

જાણ્યું નહોતું મેં કે મારા બનેલા જે,
તેઓ જ થયા મને બનાવનારા;

ભારત રડે છે ને મારું હૈયું રડે છે,
આંસુ સારું છું છાનાં છાનાં.

સ્વરાજ્ય થયું ભલે પણ રામરાજ્ય થયા વિણ,
આંસુ મારાં નહીં સુકાવાનાં.

શ્રી કનૈયાલાલ દવે

* * *

## ગ્રાહકોને સૂચના

'આશીર્વાદ'ને ધારવા કરતાં ખૂબ સારો આવકાર મળ્યો છે. ગ્રાહકોની માગને લીધે બીજા અંકની (ડિસેમ્બર માસના અંકની) બધી નકલો ખલાસ થઈ ગઈ છે. એથી પાછળથી થયેલા લગભગ બે હજાર જેટલા ગ્રાહકોને બીજો અંક મોકલી શકાયો નથી. આ ત્રીજો અંક પ્રસિદ્ધ થયા પછી બીજા અંકની નવી આવૃત્તિ છાપવી શરૂ કરી છે અને થોડા જ દિવસોમાં બીજો અંક ન મેળવનાર ગ્રાહકોને તે રવાના કરવામાં આવશે, તેની નોંધ લેવા વિનંતિ છે.

— વ્યવસ્થાપક

# સર્વમાં તમારા સત્ય સ્વરૂપે એક તમે જ છો

**શ્રી અરવિંદ**

પરમાત્માએ પોતામાંથી જ આ સૃષ્ટિ ઘડી છે. એ સૃષ્ટિની અંદર તે વ્યાપ્ત થયેલો છે. આ સૃષ્ટિના પદાર્થો અંતવાળા છે પણ સૃષ્ટિ અનંત છે આ અનંત અને સાન્ત (અન્તવાળા) પદાર્થોની સૃષ્ટિને તે પરમાત્મા ઈશ્વર તરીકે ધારણ કરી રહ્યો છે; શિવ અને નારાયણ તરીકે તેમ જ લીલામય શ્રીકૃષ્ણ તરીકે ધારણ કરી રહ્યો છે, ચલાવી રહ્યો છે, પોતાના પ્રેમથી તે આપણને સૌને તેના પ્રત્યે આકર્ષી રહ્યો છે. એની પ્રભુત્વશક્તિથી તે આપણને સૌને પોતાની આજ્ઞાને વશ વર્તાવી રહ્યો છે, અને આ અનેકરૂપોવાળા જગતમાં તે આનંદ, શક્તિ અને સૌંદર્યની બનેલી પોતાની શાશ્વત લીલા રમી રહ્યો છે.

જગત પરમાત્માના સત્, ચિત્ અને આનંદની માત્ર લીલા જ છે. એક દિવસ તમને એવો પણ સાક્ષાત્કાર થશે કે પૃથ્વી, માટી, લાકડું વગેરેમાં દેખાતું જડતત્ત્વ પોતે સ્થૂલ અથવા જડ પદાર્થ નથી. એ માત્ર કોઈ પદાર્થ નથી, પણ ચેતનાનું જ એક રૂપ છે, ચેતનાનો જ એક ગુણ છે, ચેતનાના ગુણનું ઇન્દ્રિયો દ્વારા નીપજતું એક પરિણામ છે. જડતત્ત્વમાં દેખાતી ઘનતા, નક્કરતા સંહતિ (સંઘાત-ઘટ્ટતા) અને ધૃતિ નામના ગુણનું મિશ્રણ છે. એ ઘનતા એ સિવાય બીજું કંઈ નથી. એ ઘનતા આત્માથી જુદા સ્વરૂપની લાગે છે, પરંતુ સચેતન તત્ત્વની જ એ એક અવસ્થા છે. જડતત્ત્વ, પ્રાણ, મન અને મનથી પણ જે પર છે—આ બધાં જ સ્વરૂપો એક શ્રીકૃષ્ણનાં જ છે. તમારા જ સાચા સ્વરૂપનો આ બધો આવિર્ભાવ છે, લીલા છે. અનંત ગુણોવાળું બ્રહ્મ અથવા શ્રીકૃષ્ણ જ જગતમાં સચ્ચિદાનંદરૂપે ક્રીડા કરી રહેલ છે.

આપણે જ્યારે આ સાક્ષાત્કાર પ્રાપ્ત કરીએ છીએ, આ સાક્ષાત્કારમાં આપણે જ્યારે સુદૃઢ રીતે અને કાયમને માટે ટકી શકીએ છીએ, ત્યારે દુઃખ, પાપ, ભય, ભ્રમ, આન્તરક્લેશ, વ્યથા એ બધાં આપણી ચેતનામાંથી સદંતર ચાલ્યાં જાય છે. ઉપનિષદોમાં કહેલાં વચનોનું સત્ય આપણા અનુભવમાં આવે છે: आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन । અર્થાત્ જેની પાસે બ્રહ્મનો (પોતાના વ્યાપક સ્વરૂપનો) આ આનંદ છે તેને જગતના કોઈ પણ પદાર્થ તરફથી ભય નથી.

ઈશ-ઉપનિષદ કહે છે:

**यस्मिन् सर्वाणि भूतानि आत्मैवाभूद्विजानतः ।**
**तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ।।**

'જગતમાં સર્જાયેલા સર્વ પદાર્થો મનુષ્યને જ્યારે તેના આત્માની સાથે એકરૂપ બની ગયેલા અનુભવાય છે, ત્યારે તેને કયો મોહ રહી શકે? કયો શોક તેને સ્પર્શી શકે?

આ સ્થિતિમાં આખું જગત આપણને એક નવા રૂપે; સૌંદર્ય, શુભ, જ્યોતિ, આનંદરૂપે દેખાય છે; શાશ્વત શક્તિની અને શાશ્વત શાન્તિની ભૂમિ ઉપર થઈ રહેલી એક આનંદપૂર્ણ ગતિરૂપે દેખાય છે. સર્વ પદાર્થોને આપણે શુભ, શિવ, મંગલ અને આનંદમય રૂપે જોઈએ છીએ. સર્વ પ્રાણીઓ સાથે આપણે આત્મામાં એકરૂપ બનીએ છીએ અને (सर्वभूतात्मभूतात्मा) એ અનુભવમાં આપણે સતત અને સુદૃઢપણે ટકી રહીને બીજાઓને પણ એ અનુભવ આપી શકીએ છીએ; તેમની સાથેના સંપર્ક દ્વારા, તેમની સાથેની એકરૂપતા દ્વારા, તેમના પ્રત્યે પ્રેમના વિસ્તાર દ્વારા બીજાઓને પણ આપણે આત્માની આ એકતાનો અનુભવ આપી શકીએ છીએ અને એ રીતે આપણી આ સૃષ્ટિમાં આ દિવ્ય અવસ્થા અર્થાત્ બ્રાહ્મી સ્થિતિને સર્વત્ર ફેલાવવા માટેનું કેન્દ્ર આપણે બની શકીએ છીએ.

એકલા સજીવ પદાર્થોમાં જ નહીં, નિર્જીવ વસ્તુઓમાં પણ આપણે નારાયણનું દર્શન કરવું જોઈએ, શિવનો અનુભવ કરવો જોઈએ. તે પદાર્થોમાં અને આપણામાં એક જ શક્તિને ઓતપ્રોત રહેલી જોવી જોઈએ.

જડતત્ત્વ વિષે આજે આપણી જે માન્યતા છે તેનાથી આપણાં ચક્ષુ અંધ જેવાં બની ગયાં છે. એ ચક્ષુ જ્યારે આ પરમ તત્ત્વને જોવા માટે ખુલ્લાં બનશે ત્યારે આપણે જોઈ શકીશું કે કોઈ પણ વસ્તુ નિર્જીવ નથી. સર્વ પદાર્થોમાં, જેને આપણે જડ અથવા નિર્જીવ કહીએ છીએ તેમાં પણ, ચેતના જ એ સ્થિતિમાં છુપાઈને બેઠેલી છે. ચેતનાની આ તિરોભૂત (છુપાયેલી) સ્થિતિને જ આપણે જ્ઞેય, પ્રમેય,

ક્ષેત્ર, વિષય અથવા અન્ન કહીએ છીએ. એ સ્થિતિમાં પણ પ્રાણ, મન, વિજ્ઞાન, આનંદ, ચિત્ અને સત્ પણ રહેલાં છે. પછી ભલે તે વ્યક્ત રૂપમાં હો કે અવ્યક્ત રૂપમાં હો અથવા તો પ્રકટ થવાની ક્રિયામાં હો.

સર્વ પદાર્થોમાં પરમાત્માની ચેતના પૂરેપૂરા જાગૃતરૂપે જાણે ધ્યાનમગ્ન બનીને બેઠેલી છે અને પોતાના ગુણોનો આનંદ માણી રહી છે. ફૂલો, ફળો, પૃથ્વી, વૃક્ષો, ધાતુઓ એમ સર્વ વસ્તુઓ પાસે તેમનો પોતાનો એક આનંદ રહેલો છે. પ્રત્યેક વસ્તુમાં શ્રીકૃષ્ણ પ્રવેશ કરીને નિવાસ કરી રહ્યા છે. પરંતુ પ્રભુનો એ પ્રવેશ સ્થૂલ કે બાહ્ય રીતનો નથી. કારણ કે જેને સ્થૂલ કે બાહ્ય કહીએ એવી કોઈ વસ્તુ જ અસ્તિત્વમાં નથી. અંતરતમ પરમાત્મા પોતે જ સ્થૂલ અને બાહ્ય રૂપોમાં બનેલો છે. જેને આપણે સ્થળ અને કાળ તરીકે ઓળખીએ છીએ તે પ્રભુની આ વિશ્વસર્જનની કળામાં દૃષ્ટિગોચર થતી એક પ્રકારની વિષયોની ગોઠવણી છે. દેશ-કાળ એ તો વસ્તુઓને જોવા-સમજવા માટેની રૂઢ બનેલી એક પદ્ધતિ છે.

દરેક પદાર્થનું અસ્તિત્વ એ પ્રભુના જ સત્ સ્વરૂપનું અસ્તિત્વ છે. પ્રભુ પદાર્થોમાં જે પ્રવેશ કરે છે તે ચિત્ સ્વરૂપે કરે છે, વિશ્વથી પર રહેલા દિવ્ય જ્ઞાન દ્વારા કરે છે.

'આ આખું જગત અને જગતમાંનો પ્રત્યેક પદાર્થ પ્રભુના નિવાસ અર્થે સર્જાયેલો છે : ईशावास्यमिदं सर्वं यत् किञ्च जगत्यां जगत् । વળી પ્રભુને સર્વ પદાર્થોમાં અને પ્રાણીઓમાં જોવા એટલું જ બસ નથી; પ્રભુને સર્વ ઘટનાઓમાં, સર્વ કામોમાં, સર્વ વિચારોમાં, લાગણીઓમાં, તમારી અંદર તેમ બીજાની અંદર, આખા જગતની અંદર જોવા જોઈએ. આને માટે બધાં કર્મોનું ફળ પ્રભુને અર્પણ કરી દેવું જોઈએ. ખુદ એ કર્મોને પણ પ્રભુને અર્પણ કરી દેવાં જોઈએ. પ્રભુ ગમે તે ફળ કે પરિણામ લાવે, પરંતુ તમારે માટે જે કર્મ પ્રભુની આજ્ઞારૂપ હોય, જે કર્મ તમારે માટે કર્તવ્યરૂપ હોય તેને હર્ષ-શોક કે લાભ-હાનિના ભાવથી પર રહીને કરતા જ રહેવું જોઈએ. કારણ કે કર્તા, કર્મ અને ફળ આ ત્રણે ઈશ્વરનાં જ સ્વરૂપો છે.

卐

# આત્મદર્શન

બીજ મધ્ય જ્યાં વૃક્ષ દેખિયે, વૃક્ષા મધ્યે છાયા;
પરમાતમમેં આતમ દરશે, આતમ મધ્યે માયા.
જ્યોં નભ મધ્યે શૂન્ય દેખિયે, શૂન્ય અંડ ઓંકારા,
નિઃઅક્ષરમેં અક્ષર તૈસે, અક્ષર ક્ષર વિસ્તારા.
જ્યોં રવિ મધ્યે કિરણ દેખિયે, કિરણ મધ્ય પરકાશા,
પરબ્રહ્મ તે જીવબ્રહ્મ હૈ, જીવ મધ્ય મેં આશા.
શ્વાસા મધ્યે શબ્દ દેખિયે, અર્થ શબ્દ કે માંહી,
બ્રહ્મસે જીવ, જીવસે મન હૈ, ન્યારા મિલા સદા હી.
આપ હી બીજ વૃક્ષ અંકુરા, આપ ફૂલ ફલ છાયા,
સૂરજ કિરણ પ્રકાશ આપ હી, આપ બ્રહ્મ જીવ માયા.
આતમમેં પરમાતમ દરશે, પરમાતમમેં ઝાંઈ
ઝાંઈ મેં પર ઝાંઈ બોલે, લખે કબીર સાંઈ.

કબીર

# સમુદ્રમંથન

## ૨

શ્રી ડોંગરે મહારાજ

સંસારસમુદ્રનું મંથન કરતાં પ્રથમ ઝેર નીકળે છે. જીવનમાં જે ઝેરને પચાવી જાણે છે તેને જ અમૃત પ્રાપ્ત થાય છે. સંસારમાં ઝેર અને અમૃત બંને છે. ખરી રીતે તો અમૃત અને ઝેર બે વસ્તુઓ નથી પણ એક જ છે. જે લાયક છે, યોગ્યતાવાળો છે, રાગ-દ્વેષથી રહિત છે, ક્રોધ-લોભ-મોહને જીતે છે, તેને માટે ઝેર પણ અમૃત બની જાય છે. અને જે લાયકાત–યોગ્યતા વિનાનો છે, રાગ-દ્વેષથી ભરેલો છે, ક્રોધ લોભ-મોહને આધીન છે, તેને માટે અમૃત પણ ઝેર બની જાય છે. સંસારમાંથી કોને શું મળશે?—ઝેર મળશે કે અમૃત મળશે એનો આધાર માણસની યોગ્યતા ઉપર રહે છે.

શિવજી ઝેર પચાવી ગયા અને મૃત્યુંજય બની ગયા, અમર બની ગયા. માણસમાં યોગ્યતા હોય તો સંસારનાં ઝેર પણ તેને માટે અમૃતનું કામ કરે છે.

જે ઝેરને અમૃતમાં પલટાવે છે, તેને જ પછી સંસારસમુદ્રમાંથી બીજાં રત્નો પણ પ્રાપ્ત થાય છે. ઝેરને અમૃત કરી જાણનાર જ સંસારનાં સંપૂર્ણ રત્નોનો અધિકારી બને છે.

ઝેર નીકળ્યા પછી મંથન કરતાં કામધેનુ ગાયમાતા બહાર આવ્યાં છે. પહેલાં સંપત્તિ આવે તેનો ઉપયોગ પરોપકારમાં કરજો. તો જ તમને સંપત્તિ સંતોષ આપનારી થશે. કામધેનુ એ સંતોષનું પ્રતીક છે. તે બ્રાહ્મણને આપી. જેને આંગણે સંતોષ-રૂપી ગાય હોય એ બ્રાહ્મણ બ્રહ્મનિષ્ઠ છે. સંતોષ ન હોય તો મનુષ્ય પાપ કરે છે. બ્રાહ્મણનું જીવન ખૂબ સાત્વિક જોઈએ.

કામધેનુ પછી ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો નીકળ્યો છે. ઘોડો જોઈ દૈત્યોનું મન લલચાય છે. ઉચ્ચૈઃશ્રવા દૈત્યોને આપ્યો. શ્રવ શબ્દનો અર્થ છે કીર્તિ. ઉચ્ચૈઃશ્રવા એ કીર્તિનું પ્રતીક છે. જે મનને પર્વત જેવું સ્થિર કરે છે તેને જગતમાં કીર્તિ મળશે—લક્ષ્મી મળશે. કીર્તિમાં મન ફસાય તેને અમૃત મળતું નથી. શરૂઆતની કીર્તિથી જે રીઝી જાય છે, કીર્તિમાં જે મુગ્ધ થઈ જાય છે, ડૂબી જાય છે, તેને ભગવાન મળતા નથી, તેને કોઈ કાર્યમાં પરમ સિદ્ધિ મળતી નથી. જેને બહુ માન મળે છે અને જે માનમાં ડૂબી જાય છે તેના પુણ્યનો ક્ષય થાય છે. જીવને જ્યારે માનનો મોહ છૂટી જાય છે અને દીન બની પ્રાર્થના કરે છે, તે જીવને ઈશ્વર ઈશ્વિર જેવો બનાવે છે. વિષ્ણુ-સહસ્રનામમાં ભગવાનને 'અમાની માનદો' કહ્યા છે. ભગવાન અમાની છે. ભગવાન બધાને માન આપે છે. જેનું મન ઉચ્ચૈઃશ્રવામાં એટલે કે કીર્તિના મોહમાં ફસાય છે તેને અમૃત મળતું નથી. ઉચ્ચૈઃશ્રવા દૈત્યોએ લીધો એટલે અમૃત તેઓને મળતું નથી. કસોટી કર્યા વગર પરમાત્મા કૃપા કરતા નથી. જે કીર્તિ અને પ્રસિદ્ધિમાં ફસાય તેને અમૃત મળતું નથી.

ફરીથી સમુદ્રનું મંથન કર્યું. હવે ઐરાવત હાથી નીકળ્યો છે. દૈત્યોને લાગ્યું કે ઘોડો લેવામાં ભૂલ કરી છે.

હાથી એ સૂક્ષ્મ દૃષ્ટિનું પ્રતીક છે. હાથીની આંખ સૂક્ષ્મ હોય છે. દેવપક્ષે હાથી લીધો છે. સ્થૂલ દૃષ્ટિ એ દેહદૃષ્ટિ છે. સૂક્ષ્મ દૃષ્ટિ એ આત્મદૃષ્ટિ છે. સૂક્ષ્મ દૃષ્ટિ રાખનારને અમૃત મળે છે. સૂક્ષ્મ દૃષ્ટિ રાખનારને કામ ત્રાસ આપી શકતો નથી.

દેવો અને અસુરો ફરીથી સમુદ્રમંથન કરવા લાગ્યા. જીવનમાં દૈવી બળો અને આસુરી બળો દ્વારા નિરંતર જીવનસમુદ્રનું મંથન ચાલ્યા જ કરતું હોય છે. તેમાંથી નીકળતાં ફળો કેટલાંક ઉપરથી સારાં દેખાતાં હોય છે, અને કેટલાંક પરિણામે હિતકારક થનારાં હોય છે. હવે અપ્સરાઓ નીકળી છે. તે પછી પારિજાત નીકળ્યું છે. અપ્સરાઓ અને પારિજાત બંનેને દેવપક્ષમાં આપવામાં આવ્યાં છે.

ફરીથી મંથન શરૂ થયું. હવે સાક્ષાત્ લક્ષ્મીજી પ્રકટ થયાં છે. આ સાક્ષાત્ જગદંબા છે, મહામાયા છે. દૈત્યોને લાગ્યુ કે આ અમને મળે તો સારું. 'મને મળે' એવી ઇચ્છા હોય તેને લક્ષ્મીજી મળતાં નથી.

લક્ષ્મીજીને સિંહાસન ઉપર પધરાવ્યાં. દુનિયામાં પણ બધા લક્ષ્મીવાળાને ઊંચે આસને બેસાડે છે—માન આપે છે. લક્ષ્મીજી વિચારે છે કે હું કોને વિજયમાળા અર્પણ કરું? સર્વગુણસંપન્ન પુરુષના

ગળામાં વિજયમાળા પહેરાવવા લક્ષ્મીજી નીકળ્યાં છે. તેઓ ઋષિઓના મંડપમાં આવ્યાં છે. ઋષિઓ જ્ઞાની છે, તપસ્વી છે, પણ ક્રોધી ખૂબ છે. કેવળ તપ કરવાથી કાંઈ ફળ મળતું નથી. તપને ભક્તિનો સાથ હોવો જોઈએ. તપ કરવાથી શક્તિ વધે એટલે ક્રોધ આવે છે. તપશ્ચર્યા અને જ્ઞાનથી શક્તિ વધે છે એટલે તે જીરવાતી નથી. પણ જ્ઞાનને ભક્તિનો સાથ હોય તો સારું. ભક્તિ તો દીનતાના સિંહાસન ઉપર વિરાજે છે. લક્ષ્મીજી કહે છે કે ઋષિઓમાંથી કોઈને પસંદ કરવામાં મારું મન માનતું નથી. આગળ ચાલતાં દેવો બેઠા છે. દેવો ક્રોધી નથી, પણ અતિશય કામી છે.

શાસ્ત્રમાં ક્રોધનો રંગ લાલ, લોભનો પીળો અને કામનો રંગ કાળો બતાવ્યો છે.

દેવો મહાપુરુષો છે, પણ કામી છે. લક્ષ્મીજી આગળ ચાલ્યાં. આગળ પરશુરામજી બેઠા છે. તેઓ છે તો જિતેન્દ્રિય. તેઓ કામી નથી, ક્રોધી નથી પણ નિષ્ઠુર છે. ક્ષત્રિયોનાં નાનાં નાનાં બાળકોને તેઓ મારી નાખે છે. લક્ષ્મીજી સખીઓને કહે છે: તેઓ નિષ્ઠુર છે. મને ગમતા નથી. આગળ માર્કણ્ડેય ઋષિ બેઠા છે. બધું સુંદર છે, તેઓ લાંબા આયુષ્યવાળા પણ છે, પણ ઋષિઓની સભામાં તેઓ આંખો બંધ કરીને બેઠા છે. લક્ષ્મીજીને જોતા પણ નથી. લક્ષ્મીજીએ વિચાર્યું કે આ મહાત્મા તો બિલકુલ મારી સામે પણ જોતા નથી. વરમાળા પહેરાવીશ તોપણ તેઓ અનાસક્ત હોવાથી મારી સામે પણ જોશે નહીં.

માર્કણ્ડેય કહે છે: 'તું શાની રૂપાળી? તારા કરતાં મારો કનૈયો સુંદર છે. જ્યાં સુધી તને મારો કનૈયો ન અપનાવે, ત્યાં સુધી હું તારાં દર્શન કરવાનો નથી.' માર્કણ્ડેયને લક્ષ્મીનો જરાય મોહ નથી. લક્ષ્મીનો મોહ છૂટે છે ત્યારે પ્રભુભજનની શરૂઆત થાય છે.

તુકારામની ગરીબ સ્થિતિ જોઈ શિવાજી મહારાજે તુકારામને માટે સોનામહોરોથી ભરેલો થાળ મોકલાવ્યો. સેવકો સોનામહોરોથી ભરેલો થાળ તુકારામ પાસે લાવ્યા. ત્યારે તુકારામ મહારાજે કહ્યું: 'પહેલાં હું લક્ષ્મીની પાછળ પડેલો ત્યારે તે મને મળેલી નહીં. હવે જ્યારે ચિત્ત ભગવાનની પાછળ લાગેલું છે, ત્યારે તે મને વિઘ્ન કરવા આવી છે, અને હવે તે મારી પાછળ પડી છે.' એમ કહી તેમણે સોનામહોરોનો સ્વીકાર ન કર્યો અને થાળ પરત મોકલાવ્યો.

આખો દિવસ ભજન કરનારને અને બિલકુલ ઉદ્યમ ન કરનારને પણ લક્ષ્મીજી મળતાં નથી.

આગળ ભગવાન શંકર વિરાજતા હતા. સખીઓ સાથે લક્ષ્મીજી ત્યાં આવ્યાં. શંકર કામી નથી, ક્રોધી પણ નથી. લક્ષ્મીજી શંકરને નિહાળે છે. તેમને લાગે છે કે બધું સારું છે પણ આમનો વેશ જરા અમંગળ છે. શિવજીનો સ્વભાવ મંગળ છે, પણ વેશ અમંગળ છે, ચેષ્ટાઓ ભયાનક છે. વળી તેઓ ભોળા છે.

શિવજીની પાસે નારાયણ ભગવાન વિરાજે છે. લક્ષ્મીજીએ નિર્ણય કર્યો કે આ અતિ ઉત્તમ છે. "લક્ષ્મી-નારાયણનો જય." લક્ષ્મી નારાયણને વરે છે. લક્ષ્મીજી તો જેનું દિલ કોમળ અને મૃદુ હોય તેને ત્યાં આવે છે.

અત્યાર સુધી ભગવાનની નજર ધરતી ઉપર હતી. લક્ષ્મીજીએ વરમાળા અર્પણ કરી ત્યારે ભગવાન ચારે બાજુ જોવા લાગ્યા. જેની પાસે લક્ષ્મી હોય તેણે ચારે બાજુ નજર રાખવાની છે. પૈસો મળ્યા પછી લોકો ચારે બાજુ નજર રાખતા નથી; કોણ ભૂખ્યું, દુખિયું છે તે જોતા નથી. હું, મારી અલી અને બાબો એટલામાં જ તેમનું મન ડૂબેલું રહે છે. ધનવાને ચારે બાજુ જોવું જોઈએ અને સર્વનાં દુઃખો દૂર કરવાં જોઈએ. ફરીથી સમુદ્રમંથન ચાલ્યું. દૈત્યોએ વિચાર્યું કે એક વાર આપણે ઘોડો લઈને બેઠા અને બીજું બધું દેવોને ગયું આ વખતે જે નીકળે તે અમારે લેવું છે. મંથન કરતાં હવે વારુણી-મદિરા નીકળી તે દૈત્યોના પક્ષે ગઈ. દૈત્યો મદિરા પીએ છે. અથવા મદિરા પીએ તે દૈત્યો હોય છે. તેઓ મોહમદિરામાં ડૂબે છે. મોહ એ જ મૃત્યુ છે. મોહમદિરામાં ડૂબનારને અમૃત મળતું નથી.

તે પછી ફરીથી મંથન થતાં ધન્વન્તરિ નારાયણ અમૃતકુંભ લઈને પ્રકટ થયા છે. દૈત્યોએ ઘડો ખેંચી લીધો. અમૃતકુંભ દૈત્યપક્ષે ગયો એથી દેવોને દુઃખ

થયું. તેઓ ભગવાનને શરણે ગયા. ભગવાને કહ્યું: 'હવે શક્તિથી નહીં પણ યુક્તિથી કામ લેવું પડશે.'

જે દૈત્યના હાથમાં અમૃતકુંભ આવ્યો તે કહે છે કે હું પહેલાં અમૃત પીશ. તેનો મોટો ભાઈ આવ્યો. તે કહે છે કે આ તારો બાપ હજુ બેઠો છે. તું શાનો પહેલો પીવાનો? પહેલો હું અમૃત પીશ.

અમૃત માટે દૈત્યો ઝઘડો કરવા લાગ્યા. અંદરો-અંદરના ઝઘડાને કારણે દૈત્યોને અમૃત મળતું નથી. જે પક્ષમાં અંદરોઅંદર ઝઘડા થાય, જે ઘરમાં કલહ-કંકાસ થાય તેના લોકોને અમૃત-શુભ ફળ મળતું નથી, તે લોકોને જ્ઞાનામૃત, ભક્તિઅમૃત, પ્રેમામૃત મળતું નથી.

હવે આ સ્થિતિમાં દૈત્યોની વચ્ચે મોહિની-નારાયણ પ્રકટ થયા. ભગવાન મોહિનીસ્વરૂપે પ્રકટ થયા. મોહિનીનું રૂપ જોઈ દૈત્યો કહેવા લાગ્યા: 'અહા, ક્યા રૂપ હૈ! અતિસુંદર, અતિસુંદર.' મોહિની એ મોહનું રૂપ છે. મોહિનીમાં આસક્ત બને તેને અમૃત મળતું નથી. સંસારની પ્રત્યેક વસ્તુમાં મોહિની–માયા રહેલી છે. સૌન્દર્ય એ કલ્પનામાત્ર છે. તમને સુંદર લાગે તે વસ્તુ કૂતરાને સુંદર લાગતી નથી. સૌંદર્ય આંખમાં છે. તેનો આરોપ મનુષ્ય વસ્તુમાં કરે છે. સુંદર તો એક શ્રીકૃષ્ણ છે. જગતમાં સુંદર છે તે શ્રીકૃષ્ણની સુંદરતાને કારણે સુંદર લાગે છે.

મોહિનીનો મોહ થાય તેને અમૃત–ભક્તિરૂપી અમૃત મળતું નથી. સંસારની મોહિનીમાં જે ફસાય, સૌન્દર્યના મોહમાં જે ફસાય, વિષયોના મોહમાં જે ફસાય તેને અમૃત મળતું નથી, પણ મનમોહન શ્રીકૃષ્ણમાં જેનું મન ફસાય તેને અમૃત મળે છે. મોહિનીનો મોહ છે ત્યાં સુધી ભગવાન મળતા નથી. સંસારના વિષયોમાં જેટલી ઉત્કટતાથી મન ફસાયું છે તેટલી ઉત્કટતાથી તે વિષયોના સર્જનહારની શોધમાં મન લાગે નહીં ત્યાં સુધી જ્ઞાનરૂપી અમૃત મળતું નથી. અને એ સર્જનહાર જેમાં બેઠેલો છે તે પ્રાણીઓની સેવા માટે મન લાગે નહીં ત્યાં સુધી ભક્તિરૂપી અમૃત મળતું નથી. અને જ્ઞાન તથા ભક્તિ સિદ્ધ થયા વિના ભગવાન મળતા નથી.

સંસારના વિષયોનો મોહ છૂટે તો ભક્તિ થઈ શકે. આ મોહ વિવેકથી છોડવાનો છે. જેમ જેમ પરોપકારમાં પ્રેમ વધે છે તેમ તેમ વિષયો ઉપર નિઃસ્પૃહતા આવતી જાય છે. સમુદ્રમાં જે બાજુ ભરતી હોય તેની વિરુદ્ધની દિશામાં ઓટ હોય છે. માટે જેમ જેમ સત્કર્મમાં પ્રેમ વધે છે તેમ તેમ વિષયાસક્તિમાં ઓટ આવે છે. આંખમાં કામ રાખીને જગતને જોશો તો મોહ થશે અને આંખમાં ઈશ્વરને રાખશો તો મોહનો નાશ થશે.

દૈત્યો કોણ? રસ્તે ચાલતી સ્ત્રીમાં જેનું મન ફસાય તે દૈત્ય. પરસ્ત્રીનું ચિંતન કરે તે રાક્ષસ. દૈત્યો કામાતુર થઈ મોહિની પાસે આવ્યા. દૈત્યો પૂછે છે: 'દેવી, તમે ક્યાંથી આવ્યાં? દેવી, તમારું ગામ કયું? તમારું લગ્ન થયું છે કે કેમ?'

મોહિનીનારાયણનું સ્વરૂપ જોતાં દૈત્યોને મોહ થયો. મોહિની હસતાં હસતાં કહે છે: 'મારું એક ઘર નથી. મારાં અનેક ઘર છે. જે પુરુષ મારી સાથે પ્રેમ કરે તેને ત્યાં હું જાઉં છું. હું તો કોઈ તુકારામને ત્યાં જાઉં છું, કોઈ નરસિંહને ત્યાં જાઉં છું. જેટલાં વૈષ્ણવોનાં ઘર છે તેટલાં ઠાકોરજીનાં ઘર છે.'

મૂર્ખાઓ મોહિનીભગવાનની ગૂઢાર્થવાણીનો અર્થ સમજ્યા નહીં. જે દૈત્યના હાથમાં અમૃતનો ઘડો હતો તેના તરફ મોહિની જુએ છે. દૈત્ય પ્રસન્ન થયો. તે બોલ્યો: 'દેવીજી, આ ઘડો હું તમને ભેટમાં આપું છું.' તેણે એમ વિચારેલું કે દેવીજી મારે ઘેર આવશે. મોહિનીનારાયણે પૂછ્યું: 'ઘડામાં શું છે?' દૈત્યે કહ્યું કે અમૃત છે.

સૌંદર્ય જડ વસ્તુમાં નથી. જે સૌંદર્ય જોવાથી વિકાર થાય એ સૌંદર્ય જ નથી. દૈત્યે ઘડો આપી દીધો. દૈત્યો કહે: 'દેવીજી અમૃત પીરસશે. અમે હાથ જોડીને બેસી રહીશું, ઝઘડીશું નહીં.'

મોહિનીભગવાને દૈત્યો અને દેવોની જુદી જુદી પંગત કરી. એક બાજુ દેવો બેઠા છે. બીજી બાજુ દૈત્યો બેઠા છે. મોહિની ભગવાન પ્રથમ દૈત્યોના મંડળમાં ગયા છે. તેમણે દૈત્યોને કહ્યું કે તમારું કલ્યાણ કરવું એ મારી ફરજ છે. પરંતુ ઉપરનું પાણી જેવું જે પાતળું અમૃત છે તે પહેલાં દેવોને આપી દઉં અને નીચેનો ઘટ્ટ માલ તમને પિવડાવીશ.

બિચારા મોહાન્ધ થયેલા તેઓ બોલવા લાગ્યા : ' અચ્છા, ઘટ્ટ માલ હમારે લિયે રખના. આપના હાથે એક ટીપું પીવા મળશે તોયે ઘણું છે. ' બિચારા મોહમાં ભાન ભૂલેલા. નહીં તો અમૃતમાં કંઈ ભેદ હોતો હશે ? પાણી જેવું પાતળું અમૃત અને ઘટ્ટ માલ એવો ભેદ અમૃતમાં કદી હોય ખરો ? પણ માણસ જેના પ્રત્યે મોહાન્ધ બન્યો હોય છે તે જેમ કહે તેમ સાચું માનીને હાજી હા કર્યા કરે છે.

ત્યાર પછી મોહિની ભગવાન દેવોને અમૃત પાવા લાગ્યા. કળશ વધારે વાંકો વળતો જોઈ દૈત્યો ગભરાયા. ઈસમેં કુછ ગરબડ તો નહીં હૈ ? દૈત્યોના મંડળમાં રાહુ નામનો દૈત્ય હતો. તેણે વિચાર્યું કે આ મોહિનીના કામમાં કંઈક કપટ છે. આ તો રસ્તે ફરનારી સ્ત્રી છે. આના ઉપર વિશ્વાસ રાખ્યો તે ભૂલ કરી છે. રાહુએ વિચાર કર્યો કે દેવના વેશે દેવપક્ષમાં જઈ બેસી જવા દો. નહીં તો રહી જવાશે. રાહુ દેવોની પંગતમાં આવી ચંદ્ર–સૂર્યની વચ્ચે બેસી ગયો. પંગતમાં વિષમતા ન થાય, એટલે ભગવાન જાણતા હતા કે આ દૈત્ય છે છતાં તેમણે તેને અમૃત પાયું છે.

ઘરમાં કે પંગતમાં ભોજનમાં વિષમતા ન કરો. પંગતમાં વિષમતા કરે તેને સંગ્રહણીનો રોગ થાય છે. પૂર્વજન્મના પુણ્યનું જોર હોય ત્યાં સુધી પાપનું ફળ મળતું નથી.

વિચાર કરો. બીજા દેવોને–ઇન્દ્ર વગેરેને અમૃત મળતું હતું ત્યારે રાહુ ન આવ્યો અને સૂર્ય–ચંદ્રને અમૃત મળવાને વખતે તે વચ્ચે આવ્યો. મનના માલિક ચંદ્ર છે. ચંદ્ર એ મનનું સ્વરૂપ છે, બુદ્ધિના માલિક સૂર્ય છે. સૂર્ય એ બુદ્ધિનું સ્વરૂપ છે. હાથથી અથવા જીભથી મનુષ્ય ભક્તિ કરે છે ત્યારે વિષયરૂપી રાહુ જલદી વિઘ્ન કરવા આવતો નથી, પણ મન–બુદ્ધિથી મનુષ્ય ઈશ્વરનું ધ્યાન કરે છે ત્યારે વિષયરૂપી રાહુ વિઘ્ન કરવા આવે છે. જ્યારે આપણે મન–બુદ્ધિને પ્રભુના ધ્યાનમાં સ્થિર કરીએ છીએ એટલે વિષયરૂપી રાહુ વિઘ્ન કરવા આવે છે. મન અને બુદ્ધિને ભક્તિરૂપી અમૃત મળે તે વિષયરૂપ રાહુથી સહન થતું નથી. તેથી વિષયો વિઘ્ન કરવા આવે છે. તેમને જ્ઞાનરૂપી સુદર્શનચક્રથી મારો.

રાહુ અમૃત પીવા લાગ્યો. ભગવાને સુદર્શનચક્રથી તેનું માથું ઉડાવ્યું છે. તેનું મસ્તક જ્ઞાનરૂપી ચક્રથી કાપી નાખ્યું. એટલે કે જ્ઞાનરૂપી સુદર્શનચક્રથી વિષયરૂપ રાહુને ઉડાવવો જોઈએ, કાપવો જોઈએ, પરંતુ કેવળ જ્ઞાનથી કે બુદ્ધિથી વિષય–રાહુ મરતો નથી. જ્ઞાન બુદ્ધિને ભરોસે બહુ રહેશો નહીં. એકલા જ્ઞાનથી કંઈ વળતું નથી. એટલે રાહુ અમર રહેલો છે. કોઈ સંત કૃપા ન કરે ત્યાં સુધી વિષયોરૂપી રાહુ મરતો નથી.

એકલા જ્ઞાનથી વિષયનો નાશ થતો નથી. ઈશ્વર અનુગ્રહ કરે છે ત્યારે મન નિર્વિષય બને છે. ભગવત્કૃપા વગર મન નિર્વિષય થતું નથી. આપણે જ્ઞાનનો આશ્રય કરીએ, પણ અતિ દીન બનીએ ત્યારે પરમાત્મા કૃપા કરીને વિષય–રાહુને મારશે. કેવળ જ્ઞાનથી નિર્વિષયતા થતી નથી, આવતી નથી ઈશ્વરકૃપાથી નિર્વિષયતા આવે છે :

**विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः रसवर्जम् ।
रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ।** ( ગીતા ૨–૫૯ )

**અર્થાત્** વિષયો પ્રત્યેનો રાગ, વિષયો પ્રત્યેની આસક્તિ તો પરમાત્માનો સાક્ષાત્કાર થાય ત્યારે, ઈશ્વરની કૃપા થાય ત્યારે નિવૃત્ત થાય છે.

દૈત્યો ભગવાનથી વિમુખ હતા એટલે તેમને અમૃત મળ્યું નહીં. સંસારની મોહિનીમાં ફસાય છે તે ભગવાનથી વિમુખ થાય છે. સંસારની મોહિનીમાં ફસાનારને ભક્તિરૂપી અમૃત મળતું નથી.

મોહિનીભગવાને બધું અમૃત દેવોને પિવડાવી દીધું અને ખાલી ઘડો લાવી દૈત્યો પાસે પછાડ્યો.

દૈત્યો કહે છે : ' દગો, દગો, દગો. વિષ્ણુ, તું સાડી પહેરીને આવ્યો ! તને શરમ નથી ? '

તે પછી દેવો અને દૈત્યોનું ભયંકર યુદ્ધ થયું છે. દૈત્યોનો પરાજય થયો છે. જે મોહિની પાછળ પાગલ બને છે તે જ દૈત્ય છે. સંસારની મોહિનીમાં જે ફસાય છે તે દૈત્ય છે. દૈત્યોનો પરિશ્રમ, દૈત્યોનું તપ કેવળ સંસારસુખ માટે જ હોય છે. રાવણે ક્યાં ઓછું તપ કર્યું હતું ? હિરણ્યકશિપુએ ક્યાં ઓછું તપ કર્યું હતું ? પણ તેઓનું તપ ભોગ માટે હતું, ભગવાન માટે ન હતું.

# ગોવધબંધી અંગે

**શ્રી વિનોબા ભાવે**

મેં દસ વર્ષ પહેલાં કહ્યું હતું કે ભારતમાં ગોવધબંધી થવી જોઈએ. ભારતની જનતાનો એ મેન્ડેટ—આદેશ છે સરકારની મુસીબત એ છે કે આજે તેની સામે અનેક કઠણ સમસ્યાઓ ઊભી થઈ છે. દેશમાં અનાજની અછત છે એટલે ઘાસ-ચારાનીયે છે ધારો કે સારી ને નબળી બધી ગાય ઘાસ ખાય, તો જે સારી ગાયો છે તેમને ઓછું ઘાસ મળશે અને તેઓ પણ ખરાબ થતી જશે. હવે તેમાં જે નબળી ગાયો છે, એમને ખવડાવવું હોય તો ગો–સદન હોવાં જોઈએ. એમનાં છાણ–મૂત્રનું સારી રીતે ખાતર બનાવવાની યોજના થવી જોઈએ. ગાયના મરણ પછી તેનાં હાડકાં–ચામડાનોયે ઉપયાગ થવો જોઈએ. ગો–સદન સારુ ઠેર-ઠેરથી મદદ મળવી જોઈએ અને વેપારીઓએ તે કામમાં મદદ કરવી જોઈએ. આવું કશું થાય નહીં, અને માની લો કે ગોવધબંધીનો કાયદો થઈ જાય, તો નબળી ગાયને કોઈ ખરીદશે નહીં અને ખેડૂત પણ એને ખવડાવશે નહીં, અને છેવટે તે ગાય ખાધા વિના મરી જશે. આપણે રોજ જોતા રહીશું કે ગાય ક્ષીણ થતી જાય છે. તમે એને ખોરાક નથી આપતા અને તે મરે છે.

આજે દુનિયાભરની સામે આ સવાલ છે. માણસને જો ખાવાનું ન મળે કે થોડું મળે, તો તે આત્મચિંતન કરી શકે છે; નામસ્મરણ, ધ્યાન-ધારણા વગેરેનો આશ્રય તેને મળે છે. એમ કરતાં કરતાં તે ક્ષીણ થતો જાય તોયે ચાલે છે. પરંતુ ગાયને જો ખાવાનું નહીં આપો, તો રોજ તે આપણને અભિશાપ આપશે. તેથી તેના દુઃખરહિત મૃત્યુની યોજના થાય, જે જાનવરો બોજારૂપ છે, જેમને આપણે ખવડાવી નથી શકતા, એમને દુઃખ-હીન મૃત્યુદાન આપવામાં આવે કે પછી એમને આપણી નજર સામે તરફડી–તરફડીને મરવા દેવાય? આવો સવાલ જો આપણી સામે ઊભો થાય, તો નિર્ણય કરવો અઘરો પડે છે. સરકારનીયે આ જ મુશ્કેલી છે.

આજે હિંદુસ્તાનમાં અનાજનો દુકાળ છે. કેટલાક લોકો ગાય, સૂવર, બકરીને ખાય છે. હિંદુઓને બકરી પર દયા નથી આવતી, પણ ગાય પર સ્પેશિયલ—વિશેષ દયા આવે છે. ત્યારે ચિંતન કરનારા કહે છે કે ગાય માટે ખાસ દયા કેમ રાખો છો, બકરી માટે કેમ નહીં? બકરી દૂધ આપે છે અને બકરો કાંઈ કામ નથી આવતો, તેથી બકરાનું બલિદાન આપે છે. પરંતુ ગાય તો દૂધ પણ આપે છે અને તેનો બળદ ખેતીના ઉપયોગમાંયે આવે છે. તેથી ગાયનો બોજો સમાજે ઉપાડ્યો, કેમ કે આર્થિક દૃષ્ટિએ તે મદદગાર થઈ શકે છે.

કેટલાક લોકો માંસાહાર કરે છે અને શક્તિદેવી સામે બલિદાન ચઢાવે છે. મેં તો તેનો વિરોધ કર્યો હતો કે આવું બલિદાન ન ચઢાવવું જોઈએ. તેનાથી કેટલાક નારાજ થયા. હજીયે તે બંધ નથી થયું અને આજેય ચાલે છે. હવે ધારો કે બકરી ખાવાનું બંધ કરીએ, તો બકરી અનાજ ને ઘાસ ખાશે, અને તમને તકલીફ આપશે. તમે પણ જીવો અને બકરી પણ જીવે, એટલો ખોરાક આપણી પાસે છે નહીં. તેથી બકરીને મારવાથી થોડો ખોરાક બચી જાય છે. જ્યારે માણસ પાસે ખાવા સારુ અન્ન ન હોય, ત્યારે પણ ગાયનું માંસ ન ખાવું, એવો નિર્ણય તટસ્થ બુદ્ધિથી કરવો અઘરો થઈ પડે છે.

ગાયને ખવડાવ્યા વિના ખાઈશું નહીં, એમ કહેનારા હિંદુઓ કેટલા નીકળશે? પહેલાં પોતે ખાઈ લે છે અને ગાયને એમની એમ છોડી દે છે. એ હાલતમાં ગોરક્ષાની બધી જવાબદારી સરકારને માથે આવી જાય છે. તેથી સાધુસમાજે કહેવું જોઈએ, કે અમે ગોરક્ષા સેવા સંસ્થા સ્થાપીએ છીએ અને ગાયના પાલન–પોષણની જવાબદારી ઉપાડીએ છીએ. ગાય અને બળદને સારાં બનાવવાં, નબળી ગાયોને ખરીદવી, એમને રક્ષણ આપવું—આ બધા માટે ઠેરઠેર ગો–સદન ચાલે અને સરકાર ગોવધ-બંધીનો કાયદો કરે, એમ બેઉ ચીજ સાથોસાથ ચાલશે, ત્યારે જ કાયદાનો ફાયદો મળશે. નહીં તો સરકાર કાયદો તો કરી નાખશે, પણ ગાય તમારી નજર સામે તરફડી–તરફડીને મરશે.

હમણાં બિહારમાં દુકાળ છે. બહારથી જો મદદ નહીં મળે તો લોકો મરવાના છે. જ્યારે ખુદ

માણસો જ મરતા હશે, ત્યારે પહેલાં ગાય માટે વિચારાશે કે માણસ માટે? રાજા દિલીપ જેવો કોઈ અસામાન્ય માણસ હશે તો તે ગાય માટે પોતાનો દેહ આપવા તૈયાર થઈ જશે, બાકી સામાન્ય લોકો ગાયને મરવા દેશે અને પહેલાં પોતે ખાશે.

માટે સરકાર સામે સમસ્યા છે. વળી, એ તો બધા લોકોનો ખ્યાલ રાખીને વિચારે છે. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, બધાની દૃષ્ટિએ તેણે વિચારવું પડે છે. હવે હિંદુઓની માગણી છે કે ગોવધબંધી થાય, જૈનોની માગણી છે કે બકરાવધબંધી થાય, અને મુસલમાનોની માગણી છે કે સૂવરવધબંધી થાય. સાથે જ દેશમાં અનન્નસંકટ પણ છે. સરકાર સામે આ બધી સમસ્યાઓ છે.

મુસલમાનો કહે છે કે સૂવરની કતલ ન થવી જોઈએ. તેઓ એમ ઇચ્છે છે કે સૂવરવધબંધી થાય પણ બીજા કેટલાક લોકો સૂવર ખાઈને જીવે છે. હમણાં જ રાંચી પાસે સૂવરના કતલખાનાનું ઉદ્ઘાટન બિહારના મુખ્ય પ્રધાને કર્યું. સૂવરને ખાવા માટે કોઈ જુદી ચીજ આપવાની જરૂર નથી પડતી. એ બધો ગંદવાડ ખાઈ જાય છે. એ માણસના ભંગીનું કામ કરે છે. છતાં સૂવરના માંસમાંથી જે ખોરાક મળે છે, તે પોષક છે. તેથી કેટલાક કહે છે કે સૂવરને શું કામ ન ખાઇએ? પરંતુ મુસલમાન કહે છે કે સૂવરને મારો છો તે અમારાથી સહન નથી થતું. જૈન કહે છે કે બકરાની કતલ ખોટી છે. આ સ્થિતિમાં સરકાર શું કરે?

મતલબ કે જે લોકોની આ પ્રકારની ભાવના હોય, એમનું જ એ કર્તવ્ય બની જાય છે કે તેઓ ગાયનું રક્ષણ કરે અને તેને માટે સરકાર પાસે માગણી ન કરે. આજે બધે ફરિયાદ થઈ રહી છે કે કરવેરા ઘણાખરા વધી ગયા છે. હવે ગાયની જવાબદારી તમે સરકાર પર સોંપશો તો સરકાર કહેશે કે અમે ગાયની જવાબદારી ઉપાડીએ છીએ અને બમણા કરવેરા નાખીએ છીએ, તો શું લોકોને એ કબૂલ થશે? સરકાર સામે આ સવાલ છે.

મારું માનવું છે કે સાધુસમાજે સંસારમાં ન પડવું જોઈએ, એમણે ગાયની સંભાળ લેવી જોઈએ. ભગવાન કૃષ્ણે ગાયની સેવા કરી હતી. એવી સેવા તેઓ પણ કરે એમ થશે તો લોકોનેય તેઓ માર્ગદર્શન આપી શકશે. લોકોને સંન્યાસીઓ અને ગાય બંને પર શ્રદ્ધા છે, તેથી લોકો સંસ્થાને દાન આપશે. વિશેષજ્ઞ લોકો સારાં સારાં ગો-સદન બનાવે. આટલું એમના તરફથી થશે તો પછી સાધુસમાજ તરફથી જે માગણી થશે, તેને કંઈક મૂલ્ય પણ લાધશે.

મુજફ્ફરપુર (બિહાર), ૨૬–૧૧–૬૬

# અવતાર

જગતમાં પ્રભુના અવતારની શક્યતાને માનવી કે ન માનવી એથી એ વિષેની શુદ્ધ હકીકતમાં કશો ફેર પડી શકે તેમ નથી. પ્રભુ જો માનવશરીરમાં પોતાનો આવિર્ભાવ કરવા ઇચ્છે તો પછી પ્રભુના નિર્ણય પર કોઈ પણ માણસનો વિચાર કે તેની સંમતિ કે અસંમતિ કઈ રીતે અસર પહોંચાડી શકે તે હું સમજી શકતી નથી. અને પ્રભુ જો શરીર લઈને જન્મ ધારણ કરે તો પછી માણસો તેનો ઇન્કાર કરે તોપણ તેથી એ હકીકતને હકીકત તરીકે મટાડી શકાવાની નથી. વળી જો પ્રભુ માનવશરીરમાં પોતે અવતાર નથી લેવો એવો નિશ્ચય કરે તો પછી આખીયે માનવજાતિ પ્રભુના અવતારમાં માનતી હોય કે અવતારમાં શ્રદ્ધા અને ખાતરી ધરાવતી હોય તોપણ તેથી પ્રભુએ અવતાર લીધો નથી એ હકીકતમાં રજમાત્ર પણ ફેર થઈ શકતો નથી. એટલે આ વિષયમાં ઉશ્કેરાવા જેવું શું છે તે હું સમજી શકતી નથી. તમારી ચેતના સર્વ પ્રકારના પૂર્વગ્રહો અને પસંદગીઓમાંથી મુક્ત બનીને જ્યારે એક પૂર્ણ શાંતિમાં અને નીરવતામાં સ્થિર થશે, ત્યારે તેને સમજાશે કે આ વિષયમાં સત્ય શું છે.

**શ્રી માતાજી**

# અંતરની ભલાઈ

**મહાત્માં જેમ્સ એલન**

જેના હૃદયમાં સત્યનિષ્ઠા, વિશ્વાસ, ઉદારતા અને સ્નેહભાવ ઊભરાઈ જાય છે, તેને જ સાચી સંપત્તિ વરે છે. જેનું હૃદય આવા સદ્‌ગુણો વિનાનું છે, તે સંપત્તિ શું છે તે સમજી શકતો નથી; કારણ કે સંપત્તિ એ સુખની માફક બાહ્ય નથી, એ તો અંતરનો અનુભવ છે. લોભી ભલે લક્ષાધિપતિ થાય, પરંતુ એ હમેશાં આપદ્‌ગ્રસ્ત, નીચ અને દરિદ્ર હોય છે અને જ્યાં સુધી દુનિયામાં પોતાના કરતાં કોઈ વધારે પૈસાદાર હોય ત્યાં સુધી એ પોતાને ગરીબ જ માને છે; પરંતુ નેક નિષ્ઠાવાળો ઉદાર અને પ્રેમાળ મનુષ્ય દુનિયાની દૃષ્ટિએ ભલે ગરીબ લેખાતો હોય, તોપણ સાચી સંપત્તિનો માલિક તો એ જ છે. **स हि भवति दरिद्रो यस्य तृष्णा विशाला ।** જેની તૃષ્ણાઓ અપાર છે તે જ ખરો દરિદ્ર છે; જે સંતોષી છે, એ જ શ્રીમંત છે; જે ઉદાર છે, પોતાની પાસે જે કાંઈ હોય તે ઉદારતાથી વાપરે છે, તે જ શ્રીમાન છે.

આ વિશ્વ ભૌતિક તેમ જ આધ્યાત્મિક તમામ શુભ વસ્તુઓથી ભરેલું છે. એક તરફ જ્યારે આપણે એનો વિચાર કરીએ છીએ અને સાથે સાથે બીજી તરફ થોડા સોનાના સિક્કા કે થોડા એકર માટી મેળવવા માટે મનુષ્ય કેવાં આંધળિયાં કરીને ઝંપલાવે છે તેનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને માણસની સ્વાર્થાંધતા અને અજ્ઞાનનો સાચો ખ્યાલ આવે છે. ત્યારે જ આપણને સમજાય છે કે સ્વાર્થમાં આત્મવિનાશ છે.

પ્રકૃતિદેવી પોતાની પાસે કાંઈ પણ રાખ્યા સિવાય બધુંયે આપી દે છે, છતાં એને કશીયે ખોટ આવતી નથી. મનુષ્ય પોતાના ધનને ચીવટાઈથી વળગી રહે છે, કોઈને કશુંયે આપતો નથી, છતાં એને કપાળે ખોટની ખોટ લખાયેલી હોય છે.

જો તમારે સાચી સમૃદ્ધિના ભોક્તા થવું હોય તો બીજાની માફક એવું ન માની બેસતા કે આપણે સવળું કરવા જતાં બધું અવળું જ થાય છે.

સદ્‌ધર્મ એ સર્વોપરી છે એવી તમારી શ્રદ્ધાને મુશ્કેલીથી ડગવા દેશો નહિ. તમારી દૃઢતા આગળ મુશ્કેલીનું કાંઈ ચાલતું નથી. હું જરા પણ ગભરાયા વગર કહું છું કે મુશ્કેલીથી ડરવામાં અપ્રમાણિકપણાની ગંધ રહેલી છે અને એમાં જ વિનાશનો વાસ છે.

તમામ સંજોગોમાં તમને જે ધર્મયુક્ત લાગે તે જ કરો. વિશ્વમાં પ્રવર્તી રહેલી સચરાચર પ્રભુની મહાશક્તિમાં શ્રદ્ધા રાખો. એ તમારો કદી ત્યાગ નહિ કરે. એનાથી તમારું નિરંતર રક્ષણ થયા કરશે. આવી શ્રદ્ધાથી તમારી તમામ હાનિ લાભના રૂપમાં પલટાઈ જશે. શાપોનું વરદાનમાં રૂપાન્તર થશે. સત્યનિષ્ઠા, ઉદારતા અને પ્રેમનો સંગ જરાયે છોડશો નહિ. એ તમને ઊંચકીને સાચી સમૃદ્ધિમાં મૂકી દેશે. 'તમારે હમેશાં પ્રથમ–પહેલા નંબર તરફ લક્ષ આપવું, પછી બીજાઓ તરફ' એ દુનિયાની ઉક્તિ તમે માનશો નહિ એનો અર્થ તો એટલો જ કે 'સબ સબકી સમાલિયો, મૈં મેરી ફોડતા હું.' આમ કરનારનો સહુ ત્યાગ કરશે અને જ્યારે એ લોકો એકલવાયા પડી જશે, દુઃખમાં સડતા હશે તે વખતે એમની બૂમ કોઈ સાંભળશે નહિ અને એમને કોઈ સહાય કરશે નહિ. સૌથી પ્રથમ પોતાનો સ્વાર્થ સાધવો એવી વૃત્તિ દરેક દૈવી ઉચ્ચ પ્રેરણાનું રૂંધન કરે છે, તેને અધવચથી જ કાપી નાખે છે. તમારા આત્માનો વિકાસ કરો, બીજાઓને તમારી મોટી હૂંફ છે એવું બધાયે ધારે તેવું વર્તન રાખો. એટલે અખૂટ આનંદમાં તમે વ્યાપ્ત થઈ જશો અને સકળ સમૃદ્ધિ તમારી પાસે ચાલી આવશે.

સદ્‌ધર્મનો ધોરી રસ્તો છોડીને જે અવળા ફંટાયા છે તેમને સ્પર્ધાથી બહુ બીવું પડે છે, તેમને પોતાના પ્રતિસ્પર્ધીથી બહુ સાવચેત રહેવું પડે છે. જે ખરા માર્ગે જાય છે, તેમને પ્રતિસ્પર્ધીનો જરાયે ભય રહેતો નથી હું જે કાંઈ કહું છું તે ખાલી ગપાટા નથી. પોતાની સત્યનિષ્ઠાના પ્રભાવ વડે જેણે પોતાના પ્રતિસ્પર્ધીઓને હઠાવ્યા છે, તેવા ઘણા મનુષ્યોને હું જાણું છું. પોતાના પ્રતિસ્પર્ધીઓએ ગમે તેવા દાવ નાખેલા. છતાં તેઓ પોતાની સત્ય–નિષ્ઠાને દૃઢતાથી વળગી રહ્યા અને આખરે તેઓ જ વિજયવંત થયા. અને એમને હંફાવવાનો તથા પાડવાનો પ્રયાસ કરનારાઓ પોતે જ પડ્યા.

અંતરની ભલાઈ આસુરી શક્તિઓ સામે આપણું રક્ષણ કરે છે અને અણીને વખતે એ આપણને સાંગોપાંગ પાર ઉતારે છે. એ સદ્‌ગુણ વિજયને તમારી પાસેથી જરાયે ચસકવા દેતો નથી અને એ જ તમને શાશ્વત સમૃદ્ધિમાં પહોંચાડે છે.

# જીવન સુધરે તો જ સાધનાની સફળતા

શ્રી 'વત્સલા'

એક મહાત્માએ પોતાના આશ્રમમાં કૂવો, સુંદર બાગ અને બેસવાના ઓટલા બનાવી રાખ્યા હતા. ઉનાળાના તાપમાં બપોરે એક તરસ્યો માણસ પાણી પીવા આવ્યો. આ વખતે મહાત્માનો શિષ્ય બહાર ઓટલા ઉપર બેસી 'वासुदेवः सर्वमिति०– સર્વ કંઈ વાસુદેવ જ છે, પ્રાણીમાત્ર ભગવાનનાં સ્વરૂપો છે' આ ગીતાના શ્લોકનો પાઠ કરતો હતો. ગુરુ અંદર બેઠા બેઠા ચિંતન કરતા હતા. પેલા માણસે શિષ્ય પાસે બેત્રણ વખત પાણી માગ્યું, પણ શિષ્યે ગણકાર્યું નહીં. પેલાના શબ્દો સાંભળી ગુરુ અંદરથી બહાર આવ્યા અને તેમણે તરસથી પીડાતો અતિથિ જોયો. તેમણે તરત જ તેને ઠંડું પાણી પાઈ બેસાડ્યો અને સ્વાગત કર્યું. થોડી વિશ્રાન્તિ લઈ તે માણસ ગુરુની સરળતાનાં વખાણ કરતો ચાલ્યો ગયો.

તે પછી ગુરુ શિષ્ય પ્રત્યે બોલ્યા: 'તારો પાઠ નકામો ગયો છે. કારણ કે જે ભગવાનની ગીતાનો તું પાઠ કરે છે તે ભગવાન અતિથિરૂપે તારી પાસે પાણી માગતા હતા! કેવળ જીભ વડે પાઠ કરવાથી શું વળ્યું? 'अतिथिदेवो भव' એવું વેદ પણ પોકારીને કહે છે. તું પોપટની પેઠે ગીતા ભણે છે, પૂજા કરે છે, નામજપ કરે છે, પણ તારું જીવન તો એવું ને એવું જ રહ્યું છે. ગીતાનો પાઠ કર્યા કરે પણ ગીતામાં કહ્યા પ્રમાણેનું જીવન ન બનાવે તો પાઠ કરેલો નકામો છે, ભગવાનની મૂર્તિની પૂજા કરે પણ પ્રાણીમાત્રને ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિઓ ગણીને તેમનાં સેવા-સત્કાર ન કરે, પ્રાણીઓને પીડે; તેમની સાથે કપટ, દ્વેષ, છેતરપિંડી કરે તો કેવળ મૂર્તિપૂજા કરવી નકામી છે. અને રામનામનો જપ કર્યા કરે પણ પોતાના જીવનમાં જો રામના ગુણોને અપનાવે નહીં તો એવો કેવળ નામજપ પણ નકામો છે.

## એકબીજાના સહાયક બનો

ગ્રીક પુરાણની વાત છે.

બે ભાઈ હતા. બેઉ ભાઈઓને ભગવાને વરદાન આપ્યું. એકને વરદાન આપ્યું કે તું અમર રહીશ, ચિરંજીવ રહીશ.

બીજો પણ બહુ ગુણવાન હતો. તેને વરદાન મળ્યું, 'તું પુરુષાર્થવાન થઈશ, બુદ્ધિશાળી થઈશ પરંતુ જીવીશ થોડું'

એકને ચિરંજીવી બનાવ્યો. બીજાને અલ્પાયુ બનાવ્યો. બંને જણ બેઠા બેઠા વિચાર કરતા હતા. મોટાભાઈને બહુ દુઃખ થયું કે ભગવાને વરદાન આપ્યું પણ અધૂરું આપ્યું. એથી તે ફરી ભગવાન પાસે ગયો ને કહ્યું, 'ભગવન્! એક વરદાન દો એટલે અમારું કામ ચાલે.'

'જે દેવાનું હતું તે તમને દઈ દીધું છે. હવે આના સિવાય બીજું વરદાન તમને મળવાનું નથી.' ભગવાને જણાવી દીધું.

બંને ભગવાનને ચરણે પડ્યા અને કહેવા લાગ્યા, 'ભગવન્! અમારે હવે બીજું નવું કાંઈ વરદાન જોઈતું નથી. તમે જે દીધું છે તે અમારે માટે પૂરતું છે. તેમાં માત્ર એક વાત ઉમેરવા દો; તેથી વધુ કાંઈ અમે ઇચ્છતા નથી'

'શું ઉમેરવા માગો છો?' ભગવાને પૂછ્યું.

'અમે એકમેકના જીવનમાં સામેલ થઈ શકીએ. જો આટલું ઉમેરી શકો તો અમારે બીજું કાંઈ ના જોઈએ.'

ભગવાન બોલ્યા, 'જો આટલું કરી દીધું તો માણસ ભગવાન બની ગયો.'

દુનિયાની સર્વ સમસ્યાઓનો આ એક જ ઉપાય સર્વોદય સૂચવે છે. એકમેકના જીવનમાં જોડાઈ જાઓ. મોતમાંયે જોડાઈ જાઓ. સહજીવન અને સહમરણના આવા સંકલ્પમાં જ સહુનો ઉગારો છે.

—દાદા ધર્માધિકારી

# નિર્ભયતા ક્યાંથી પ્રકટે છે?

મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી 'ચિત્રભાનુ'

જ્યાં સુધી નિષ્પાપ નહીં થવાય ત્યાં સુધી નિર્ભય નહીં બની શકાય, અને નિર્ભય નહીં થવાય ત્યાં સુધી આપણી આંખમાં તેજ નહીં આવે, વાણીમાં પ્રકાશ નહીં આવે.

એટલે આજે સૌથી પહેલી વાત તો એ છે કે આપણા દેશને, સમાજને અને ધર્મને ઊંચે લાવવો હોય તો સૌએ નિર્ભય બનવું પડશે.

આજે સૌથી પહેલી અને અનિવાર્ય આવશ્યકતા નિર્ભયતાની-અભયની છે. પણ એ અભય આજે ક્યાં છે? અભયના અભાવની એક નમૂનેદાર રમૂજી વાત તમને કહું.

મુંબઈથી અમદાવાદ આવતી એક ટ્રેનના ફર્સ્ટ ક્લાસના ડબામાં એક યુરોપિયન બેઠો હતો. એ ડબામાં કોઈ ફર્સ્ટ ક્લાસનો પેસેન્જર બેસવા આવે તો એ ધૂરકીને પૂછે: 'Who are you-કોણ છે તું?'

એનો ધુરકાટ અને આંખોના ડોળા જોઈ બેસવા આવનાર ફફડી ઊઠે અને ફર્સ્ટ ક્લાસની ટિકિટ હોવા છતાં પાછો ભાગી જાય.

દરેક સ્ટેશને લગભગ આવું બને.

એટલામાં વલસાડ આવ્યું. યુરોપિયનવાળા ડબામાં બેસવા માટે એક વિદ્યાર્થી આવ્યો. તે બારણું ખોલવા જાય છે ત્યાં પેલા યુરોપિયને ધુરકાટ કર્યો: 'Who are you?-કોણ છે તું?'

પેલો વિદ્યાર્થી વિચાર, વાણી અને આચારની એકતાવાળો હતો. એના હૈયામાં અભય બિરાજેલો હતો. પોતાની પાસે ફર્સ્ટ ક્લાસની ટિકિટ હતી, પોતે ફર્સ્ટ ક્લાસનો કાયદેસર પેસેન્જર હતો, છતાં પોતાની સાથેનો યુરોપિયનનો વર્તાવ અઘટિત અને અવિવેકી હતો. આથી એ યુરોપિયનને ઠેકાણે લાવવા એણે કહ્યું: 'I am the First Class passenger—હું ફર્સ્ટ ક્લાસનો મુસાફર છું.'

આ નિર્ભયતા જોઈ યુરોપિયન ડઘાઈ ગયો. સાથે સાથે પ્રસન્ન પણ થયો. તેણે 'Please Come in-અંદર આવો' કહીને વિદ્યાર્થીને અંદર બોલાવ્યો. પછી એને થાબડ્યો અને કહ્યું: 'શાબાશ, ધન્ય છે તારી નિર્ભયતાને. હું છેક મુંબઈથી આવું છું ને જોઉં છું કે હિંદુસ્તાનમાં કેટલા માણસો મર્દ છે. જે કોઈ ડબામાં ચડવા આવે તેની નિર્ભયતાની માત્ર કસોટી કરવા માટે જ હું પૂછતો અને ડરાવતો હતો. એટલે તે તો મને જોતાં જ ભાગે! પછી મને થયું કે આવા કાયર માણસો સાથે બેસીને સમય પસાર કરવો એના કરતાં તો એમને ઉતારીને ભગાડવા એ સારી વાત છે. પરંતુ તું એક બહાદુર મળ્યો ખરો!

જેની પાસે કાયદેસર ટિકિટ છે, જે માણસે પૈસા ખર્ચેલા છે, એ માણસને કોઈ ધૃષ્ટતાથી પૂછે કે, 'Who are you?' તો એને પૂછવાનો શો અધિકાર છે? જેણે ફર્સ્ટ ક્લાસની ટિકિટના પૈસા ચૂકવ્યા છે તે ફર્સ્ટ ક્લાસમાં બેસવા માટે આપોઆપ હકદાર છે એને પછી ડરવાની શી જરૂર? પણ જે માણસમાં નિર્માલ્યતા પડી હોય તે માણસ સામનો કરી શકતો નથી.

ઉપરની હકીકત યુરોપિયનની નિખાલસતા અને પેલા વિદ્યાર્થીની નિર્ભયતા માટે માન ઉપજાવે તેવી છે.

વળી એ વાત પણ મહત્ત્વની છે કે જ્યાં પાપ છે, સ્વાર્થ છે, ત્યાં જ ભય છે.

અને અભય ક્યાંથી ઉત્પન્ન થાય છે? બીજે ક્યાંયથી નહીં, આપણી અંદર રહેલ ન્યાયમાંથી, પ્રમાણિકતામાંથી, આપણા સત્યમાંથી, આપણા સદાચારમાંથી એ ઉત્પન્ન થાય છે.

જ્યાં સુધી આપણા જીવનમાં ન્યાય, પ્રમાણિકતા, સત્ય અને સદાચાર નહીં હોય, ત્યાં સુધી અભયનું તત્ત્વ કદી નહીં પ્રકટે.

# પ્રકાશની ક્ષણ

**આર્ડીસ વ્હીટમેન**

એક ખ્યાતનામ ન્યાયાધીશે એમના જીવનને પલટાવી નાખનારો એક પ્રસંગ મને કહ્યો હતો. એક ગરીબ પરિવારમાં જન્મેલ હોવાથી નાનપણમાં જ એમને અભ્યાસ પડતો મૂકીને એક કારખાનામાં સામાન્ય નોકર તરીકે જોડાવું પડ્યું હતું. મંદી આવી અને એક બળતી બપોરે બીજા સેંકડો કામદારો સાથે એમને પણ નોકરીમાંથી છૂટા થવું પડ્યું. પાળી પૂરી થયે છૂટા થયેલા, ઉદાસ કામદારોની સાથે એ પણ ચાલ્યા જતા હતા. યુવાન હોવા છતાંયે અત્યારે એમને સારુંયે જગત અંધકારભર્યું લાગતું હતું.

એમની આગળ એક દૂબળોપાતળો ગંદો દેખાતો માણસ ચાલતો હતો. એનેય નોકરીમાંથી રજા મળી હતી. છતાંયે તે સીટી બજાવતો મસ્તીમાં ઝૂમતો ચાલતો હતો. મારા મિત્રે એની સાથે ચાલવા માંડ્યું અને પૂછ્યું : 'હવે તમે શું કરશો ?'

'મને લાગે છે કે હું હવે આફ્રિકા જઈશ.' એ અજાણ્યા માણસે સ્વાભાવિકતાથી કહ્યું : 'મોટો વિશાળ દેશ છે અને ત્યાં નસીબ અજમાવવાની ઘણી ઘણી તક છે. મિત્ર! હિંમત રાખીએ તો આગળ વધવામાં કશો જ વાંધો ન આવે. નહિ તો ઑસ્ટ્રેલિયા તરફ પણ જાઉં. દુનિયા ઘણી વિશાળ છે. અને દીકરા! માણસ એનાથી થઈ શકે એટલું કામ કરે અને ચલાવાય એટલી બુદ્ધિથી કામ કરે તો દુનિયામાં એ ક્યાંય દુઃખી ના રહે.'

'મારા માટે' મારા ન્યાયાધીશ મિત્રે એ જૂના સંભારણાને સંભારતાં કહ્યું : 'જાણે એક નવી જ બારી ઊઘડી ગઈ. એ બારીમાંથી દૂર–દૂર માઈલો સુધી વિસ્તરીને ભાવિ પથરાયું હતું. જીવન જાણે મને સાદ પાડી રહ્યું હતું. હું અનેક યોજનાઓ ઘડતો ઘડતો ઘરે પાછો ફર્યો. બીજે જ અઠવાડિયે મને બીજું કામ મળી ગયું અને મેં રાત્રિશાળામાં જઈને ભણવા માંડ્યું. મારી સામે જીવન પડ્યું હતું અને મેં મારી કલ્પના પ્રમાણે એને ઘડવા માંડ્યું.

આપણા સહુની જિંદગીમાં આવી ક્ષણો અચાનક આવે છે અને આપણે આપણી જાતને તથા જગતને બરાબર સમાજવા માંડીએ છીએ ત્યારે જીવન એક નવો સંદેશ લઈને જાણે આપણને દોરે છે–રાહ બતાવે છે.

આવી જ પળોમાં આપણે સાચું જીવન અનુભવીએ છીએ–જીવીએ છીએ. માત્ર એ ક્ષણોને બરાબર ઓળખતાં અને પૂરેપૂરી પાળતાં શીખવું જોઈએ. ઘણીય વાર એવી ક્ષણો આવીને અજાણતાં વહી જાય છે અને આપણે એનો લાભ બરાબર ઉઠાવી શકતા નથી.

આવી ક્ષણો–આવો પ્રકાશચમકાર આપણા જીવનને દોરી રહે એ માટે આપણે શું કરવું જોઈએ? સૌ પ્રથમ તો આપણે આપણી આંખો બરાબર ઉઘાડી રાખવી જોઈએ. સુંદરતાને જોતાં અને પામતાં શીખવું જોઈએ. ઘણીયે વાર આપણે બરોબર જોતા જ નથી. વહેતી હવા સાથે તાલ મિલાવતા પંખીની પાંખોનો વળાંક ટલાએ બરોબર નિહાળ્યો હશે! પ્રકાશની રેખાને અંધકારની રેખા સાથે ભળી જતી કેટલા લોકોએ બરાબર નીરખી હશે!

આપણે બરાબર જોતા નથી અને એટલે ઘણી ઘણી ક્ષણો તો કશીયે પ્રેરણા આપ્યા વગર જ વહી જાય છે. આપણે આપણી જાતને બરાબર પામવી જોઈએ અને જાતની બહાર વિસ્તરતા વિશાળ જગતને નીરખવું જોઈએ.

પ્રકાશના ચમકારની ઝળકતી ક્ષણો વાંકદૃષ્ટિવાળાઓને ક્યારેય અનુભવવા નથી મળતી અને એ જ રીતે અનુકરણવૃત્તિવાળા લોકોને પણ ક્યારેય જોવા નથી મળતી. આવી ક્ષણો પામવા માટે, જીવનનું પરમ સૌંદર્ય માણવા માટે તો જીવન પ્રત્યે આદર અને સરળતા જોઈએ, જીવન જીવવાની મૌલિકતા જોઈએ.

આ બધુંયે આપણામાં ન હોય એ સંભવિત છે, પરંતુ આપણે એ વિકસાવી શકીએ એમ છીએ. આવા ગુણો વિકસાવવાના પ્રયાસમાં એક પરમ આનંદ સમાયો છે અને એવા ગુણો વિકસે ત્યારે એક અદ્ભુત ઘડીએ આખું જીવન પલટાઈ જાય એવું દર્શન સાંપડી રહે છે.

જીવનનું આવું પ્રેરણામય મંગળ દર્શન પામવાની સાધના આપણે આચરીએ.

★

# ગોધન: રાષ્ટ્રીય ઉત્કર્ષનું અંગ

પ્રા. રશ્મિકાન્ત ત્રિવેદી

પ્રત્યેક રાષ્ટ્ર માટે ઉત્કર્ષનાં વિવિધ–વિભિન્ન સોપાન હોય છે, એની સંસ્કૃતિ અને સભ્યતાને ભિન્ન ભિન્ન પાસાંઓનો સ્પર્શ પણ હોય છે. ભારતીય સંસ્કૃતિની પરંપરાનું ઐતિહાસિક દર્શન કરતાં જણાયા વગર રહેશે નહીં કે ભારતનો ઉત્કર્ષ ગાય પર છે. સંસ્કૃત ભાષા એના શબ્દસામર્થ્યને લીધે 'ગો' શબ્દના વિવિધ અર્થો પ્રસ્તુત કરે છે, જેમાં વાણી, ધરતી અને ગાય આ અર્થો મુખ્ય છે. તદુપરાંત 'ગો'નો અર્થ ગતિપ્રદાયક गमयति अस्मान् इति गौः છે. વિશ્વના પ્રાચીનતમ ગ્રંથ 'વેદ'માં પણ 'ગો'ને 'અઘ્ન્યા' કહી બિરદાવવામાં આવી છે.

મહાભારતકાર મહર્ષિ વેદવ્યાસે પણ ગાયની પ્રશસ્તિ કરતાં જણાવ્યું છે કે:

गोभिस्तुल्यं न पश्यामि धनं किञ्चिदिहाच्युत ।
कीर्तनं श्रवणं दानं दर्शनं चापि पार्थिव
गवां प्रशस्यते वीर सर्व–पाप–हरं शिवम् ॥

'હું આ સંસારમાં ગાયની સમાન અન્ય કોઈ ધન સમજતો નથી. ગાયનાં નામ તથા ગુણોનાં કીર્તન શ્રવણ, ગાયનાં દાન તથા દર્શન ઇત્યાદિની અતિ પ્રશંસા કરવામાં આવી છે. ગાય પાપને હરનારી તથા સમસ્ત કલ્યાણને આપનારી છે.'

માત્ર હિન્દુ ધર્મગ્રંથોમાં જ નહીં, અન્ય ધર્મોના સદ્‌ગ્રંથોમાં પણ 'ગૌ'નું મહત્ત્વ પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. ઇસ્લામના પ્રવર્તક હજરત મોહમ્મદ સાહેબનાં ધર્મપત્ની હજરત આયશાએ પણ ભારપૂર્વક જણાવ્યું છે:

"ફરમાયા રસૂલ અલ્લાહને કિ ગાયકા દૂધ શિફા હૈ ઔર ઉસકા ઘી દવા ઔર ઉસકા માંસ નિતાન્ત રોગ હૈ.'

આ ઉદ્ધરણ દ્વારા એટલું તો સિદ્ધ થાય છે કે પ્રાચીન સમયમાં પણ ગાયનો મહિમા સર્વત્ર હતો. વસ્તુતઃ રાષ્ટ્રીય વિકાસની ભાવનામાં 'ગો-સંવર્ધન'ની આયોજના સ્વીકારવી હિતદાયક છે. અન્યથા અવનતિ અને અવરોધ નડ્યાં જ કરશે.

'ગો' શબ્દના અન્ય અર્થોની દૃષ્ટિએ જોતાં પણ જ્યારે વાણી અર્થાત્ ભાષામાં અવનતિ થશે, ભાષા પારકી થશે, ત્યારે આપણું જ્ઞાન વિકાસશીલ નહીં થઈ શકે અને આપણે માનસિક પરતંત્રતા ભોગવીશું. એ જ પ્રમાણે 'ગો'નો 'ધરતી' અર્થ જોતાં ધરતી શત્રુઓથી પદાક્રાન્ત રહે તો આપણું આત્મગૌરવ પણ નષ્ટ થયા વગર રહે નહીં; આપણે આપણું મસ્તક પણ ઊંચું નહીં રાખી શકીએ અને જો 'ગાય'ની રક્ષા અને પાલનપોષણ પણ યોગ્ય રીતે નહીં કરવામાં આવે તો આર્થિક દૃષ્ટિએ આપણે જર્જરિત બની બધું ગુમાવી બેસીશું.

એ હાનિનાં કારણો પર વિચારણા કરતાં સામાન્ય દૃષ્ટિએ એ જણાયા વગર નહીં જ રહે કે ભારત એ કૃષિપ્રધાન રાષ્ટ્ર છે અને ભારતીય અર્થવ્યવસ્થાનું અવલંબન છે અન્નઉત્પાદક 'વૃષભ'.

'વૃષભના પરિશ્રમ દ્વારા અન્નનું ઉત્પાદન થાય છે. નહીં તો અન્નના અભાવમાં આપણને ભૂખે મરવાનો વારો આવ્યો હોત, હાથ લાંબા કરી કરી અન્નની યાચના કરતાં ઠેર ઠેર ફર્યા હોત (જો કે હાલ આ યાચકવૃત્તિ આપણા રાષ્ટ્રે કંઈક અંશે અપનાવી લીધી છે એ આપણે માટે લજ્જાસ્પદ પરિસ્થિતિ કહેવાય.) સારા વૃષભોની એકમાત્ર આપનારી છે 'ગૌ', જેને આપણા પૂર્વજો પરંપરાથી માતા કહી વન્દતા હતા અને એની સેવા કરવામાં ધન્યતા અનુભવતાં હતાં.

આપણા પૂર્વજોનો ગાય પ્રત્યેનો પૂજ્યભાવ કંઈ ગાડરિયા પ્રવાહનો નહોતો કે ધર્મના નામે આંખમિચામણાં નડતાં પણ એમાં વિજ્ઞાનસમ્મત ધાર્મિક સિદ્ધાંતો મૂળભૂત પાયારૂપ છે.

ભારતીય હિન્દુ ધર્મની સૌથી મહાન વિશેષતા તો એ છે કે એમાં કહેલ પ્રત્યેક સિદ્ધાંત વિજ્ઞાન-સમ્મત છે. અકારણ કે અંધવિશ્વાસ પર આધાર રાખી આપણે કશું ય સ્વીકાર્યું નથી કે નથી ગાંડીઘેલી દોટ મૂકી. માત્ર આપણે ભૂલી ગયા છીએ એ સિદ્ધાંતોનું તથ્ય અને વ્યવહારની ભૂમિકા.

જે આપણને બાળપણમાં ઉછેરે છે તેને આપણે

માતા કહીએ છીએ તો પછી જે જીવનભર દૂધ આપે અને અનાજ પણ આપે, તેને આપણે જો 'માતા' ન કહીએ તો પછી નગુણા જ ગણાઈએ ને?

ગાયની પૂજાનો આધાર કેવળ ધાર્મિક નથી; ધાર્મિક ભાવના તો આર્થિક પાસા સાથે ઓતપ્રોત થઈ ગઈ છે. વૈદિક વ્યવસ્થામાં પણ અર્થ અને રાજનીતિ ધર્મથી પૃથક્ નથી પણ સ્વયંસમ્બદ્ધ છે.

અર્વાચીન યુગના મહર્ષિ દયાનન્દે 'ગોકરુણાનિધિ' નામક ગ્રંથમાં ગાયની આર્થિક ઉપયોગિતા પર સચોટ પ્રકાશ પાથર્યો છે. તેઓ એનું વિવરણ આ પ્રમાણે પ્રસ્તુત કરે છે:

'જો એક ગાય ઓછામાં ઓછું બે શેર દૂધ આપે છે અને બીજી વીસ શેર, તો પ્રત્યેક ગાયની અગિયાર શેર દૂધ આપવામાં કોઈ પણ શંકા નથી. એક ગાય ઓછામાં ઓછા છ મહિના અને બીજી વધારેમાં વધારે અઢાર મહિના સુધી દૂધ આપે છે તો પ્રત્યેક ગાયના દૂધ આપવામાં બન્નેનો મધ્યભાગ બાર મહિના થાય છે. આ હિસાબથી બાર મહિનાનું દૂધ નવાણું મણ થાય છે. એટલા દૂધને ઉકાળી પ્રતિ શેરમાં છટાંક ચોખા અને દોઢ છટાંક ખાંડ નાંખી ખીર બનાવીને ખાય તો પ્રત્યેક પુરુષને માટે બે શેર દૂધની ખીર પુષ્કળ થઈ રહેશે; કારણ કે આ પણ એક મધ્ય ભાગની ગણતરી છે અર્થાત્ કોઈ બે શેર દૂધની ખીર કરતાં વધારે ખાઈ શકે તો કોઈ ઓછું. આ હિસાબથી એક પ્રસૂતા ગાયથી ૧,૯૮૦ મનુષ્ય એક વાર તૃપ્ત થાય છે. ગાય ઓછામાં ઓછી આઠ અને અધિકમાં અધિક અઢાર વાર વિયાય છે. આનો મધ્યભાગ તેર વાર આવ્યો તો ૨૫,૭૪૦ મનુષ્ય એક ગાયના દૂધમાત્રથી એક વારમાં તૃપ્ત થઈ શકશે. આ ગાયની એક પેઢીમાં છ વાછરડી અને સાત વાછરડાં થયાં. એમાંથી એકનું મૃત્યુ રોગાદિથી થવા સંભવ છે તોપણ બાર રહ્યાં. એ વાછરડીઓના દૂધમાત્રથી ઉક્ત પ્રકારે ૧,૫૪,૪૪૦ મનુષ્યોનું પોષણ થઈ શકે છે. હવે રહ્યા છ બળદ. એમાંથી એક જોડી બન્ને મોસમોમાં બસો મણ અનાજ ઉત્પન્ન કરી શકે છે. આ પ્રમાણે ત્રણ જોડી છસો મણ અન્ન ઉત્પન્ન કરી શકે છે અને એમના કાર્યનો મધ્યભાગ આઠ વર્ષ છે. આ હિસાબે ૪,૮૦૦ મણ અન્ન ઉત્પન્ન કરવાની શક્તિ એક જન્મમાં ત્રણ જોડીની છે. ૪,૮૦૦ મણ અનાજમાંથી પ્રત્યેક મનુષ્યનું પોણો શેર અન્ન ભોજનમાં ગણો તો ૨,૫૬,૦૦૦ મનુષ્યોનું એક વારનું ભોજન થાય છે. દૂધ અને અન્નને ભેગાં કરી જોતાં નિશ્ચિત છે કે ૪,૧૦,૪૪૦ મનુષ્યોનું પાલન એક વારના ભોજનથી થાય છે. હવે ગાયની છ પેઢીઓનો હિસાબ લગાવીને જુઓ તો અસંખ્ય મનુષ્યોનું પાલન થઈ શકશે.'

ઉક્ત વિવરણ પૂર્ણતયા આંકડાઓ અને આર્થિક તથ્યોના આધાર પર છે. કોઈપણ અર્થશાસ્ત્રી આ વિવરણની પ્રમાણિકતાને નકારી નહીં જ શકે.

અલબત્ત, આજે પણ ભારતમાં અન્નની ખૂબ તંગી અનુભવાઈ રહી છે. શાસન કરનારાઓ માટે પણ અન્નસમસ્યા અધિક વિષમ છે, કિન્તુ નવીન અન્વેષણો અને યોજનાઓ પર અવલંબિત ન રહેતાં પ્રાચીન પરંપરાઓના આધારે જો આપણે ગોસંવર્ધન પર ધ્યાન આપીશું તો દુનિયા આગળ અન્નને માટે હાથ લાંબો નહીં કરવો પડે.

પ્રાચીન નિર્દેશો ઉપરાંત આપણા વર્તમાન ભારતીય સંવિધાનમાં પણ ગોસંવર્ધનને મહત્ત્વ આપવામાં આવ્યું છે. સંવિધાનની ધારા ૪૮માં આ પ્રમાણે જણાવ્યું છે.

"Organise agriculture and animal husbandry on modern and Scientific lines & take Steps for preserving and improving the breeds, and prohibiting the Slaughter of cows and calves and other milch and draught cattle."

("રાજ્ય કૃષિ અને ગોપાલનને આધુનિક અને વૈજ્ઞાનિક પ્રણાલીઓ દ્વારા સંગઠિત કરવાનો પ્રયત્ન કરશે તથા વિશેષતયા ગાયોની ઓલાદના પરિરક્ષણ અને ગોસંવર્ધન તથા ગાયો, વાછરડાંઓ અને અન્ય દુધાળાં અને ભારવાહક (અર્થાત્ હળ, ગાડી ઇત્યાદિ ખેંચનારાં) પશુઓની હત્યાનો નિષેધ કરશે.")

પરન્તુ આપણા શાસક વર્ગે વ્યવહારમાં સંવિધાનના આ નિર્દેશને ઠોકરે માર્યો છે. ગોધનની રક્ષા અને વિકાસ પ્રત્યે આંખમિચામણાં કરી મોંઘાંદાટ વિદેશી ખાતરો, ટ્રેકટરો અને અન્નની આયાતો કરી આપણા પર બોજો લાદ્યા જ કર્યો છે. એમાં કોના બાપની દિવાળી! શાસનકર્તાઓની હાલની આ નીતિ મહાત્મા ગાંધીજીના વિચારોથી પણ સર્વથા પ્રતિકૂળ છે. ગાંધીજીના વિચારો અને આદર્શો અનુસાર ગોરક્ષા એ રાષ્ટ્રનું સર્વોપરી કર્તવ્ય છે અને એ કર્તવ્ય આપણે આજે ભૂલ્યા છીએ.

આજના ભારતનું વર્તમાન વાતાવરણ સમતોલ નથી. ખંડેરોમાં ઊભેલા આપણે ભાવિ તરફ આશાભરી મીટ માંડી મહાન ભારતને સબળ, સમૃદ્ધ અને સર્વોપરી ગૌરવશાળી રૂપમાં નીરખવા માટે સંકલ્પયુક્ત છીએ, કિન્તુ કેવળ કલ્પના અને ઇચ્છાનું મહત્ત્વ આંકવું વ્યર્થ છે. એની સફળતાનો આધાર તો ક્રિયા ઉપર જ છે. આથી આજની પરિસ્થિતિઓ અને પ્રયત્નો પ્રત્યે દષ્ટિપાત કરતાં જણાઈ આવે છે કે રાષ્ટ્રીય ઉત્કર્ષ માટે નીચે બતાવેલા ઉપાયો અને ઉપચારોને તાકીદે અમલમાં મૂકયા વિના છૂટકો જ નથી.

૧. ગાયને રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિનો આધાર માનવામાં આવે,
૨. ગાયને રાષ્ટ્રીય પશુ તરીકે સ્વીકારવામાં આવે.
૩. ગોવંશના સંવર્ધનને પ્રાથમિકતા આપવામાં આવે અને ગો-વધ પર પૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે.
૪. વિદેશી અન્ન, ખાતર અને ટ્રેકટરોની આયાત કરવા કરતાં બળદોની ઓલાદ સુધારવા, ગાયોની સ્થિતિ ઉત્તમ બનાવવા અને દેશી ખાતરનો ઉપયોગ કરવા માટે જોર આપવામાં આવે.

ભારતના રાષ્ટ્રીય ઉત્કર્ષ માટે આ ચારે બાબતો દઢ આર્થિક આધારરૂપ સિદ્ધ થશે.

વાણી ભાષા વિદેશી, ધરતી પણ વિદેશી આક્રમકોના પંજામાં અને ગાય સર્વથા ઉપેક્ષિત—આ સ્થિતિમાં રાષ્ટ્રનો ઉત્કર્ષ-ઉન્નતિ શી રીતે શકય બને? અને આથી રામરાજ્ય સ્થાપવાના આદર્શો કેવળ દિવાસ્વપ્ન ન બને તો શું બને?

ગોપાષ્ટમી-ગોસંવર્દ્ધન દિવસની પ્રેરણા છે કે આપણે 'ગો'ના અર્થ અને મહત્ત્વને હૃદયમાં ઉતારીને તેને આર્થિક દષ્ટિથી વ્યવહારમાં સ્વીકારીએ અને રાષ્ટ્રીય ઉત્કર્ષના આધારરૂપ ગોધનની સમૃદ્ધિ અને વિકાસને માટે પૂર્ણ શક્તિ અને પ્રબળ સાધનોથી પ્રયત્નશીલ બનીએ.

પરાજય હાડકાંને વજ્ર સમાન બનાવે છે. પરાભવ માણસોને અજિત બનાવે છે. જે માણસો અત્યારે સત્તાધારી છે અને જેમણે જુલમભર્યા સખત કાયદાને બદલે પ્રજાને સ્વતંત્રતાનો સુમધુર કાયદો અર્પણ કર્યો છે, તે બહાદુર અને ઉમદા માણસોને પરાજયે જ ઉત્પન્ન કર્યા છે.

× × ×

વિષયની વિગતમાં ઊતરી તેના તાત્પર્યને જાણવામાં પ્રયત્નશીલ રહેનાર વિદ્યાર્થી, કેવળ ગોખણપટ્ટીથી વિદ્યાલયમાં તેના કરતાં ઉપલે નંબરે ઝળકેલા ઘણા વિદ્યાર્થીઓ કરતાં જગતમાં વધારે દીપી નીકળશે.

* * *

# 'હું તો એક સેવક છું'

**શ્રી મનુબહેન ગાંધી**

૧૯૪૭માં અમે હાથપગને થિજાવી દે તેવી ઠંડીમાં નોવાખલીની પદયાત્રા કરી રહ્યાં હતાં. ચાલતાં ચાલતાં એકવાર અમે એક ગામમાં પહોંચ્યાં. ત્યાં એક કુટુંબમાં નવદશ વરસની એક છોકરી ખૂબ બીમાર હતી. તેને મોતીઝરો નીકળ્યો હતો. સાથે ન્યૂમોનિયા પણ થયો હતો. બિચારી ખૂબ દૂબળી અને અશક્ત થઈ ગઈ હતી. અમે બંને તેને જોવા ગયાં. છોકરીની પાસે બેઠેલી ઘરની સ્ત્રીઓ બાપૂજીથી લાજ કાઢીને ઘરની અંદર ચાલી ગઈ.

હવે માંદી છોકરી બિચારી એકલી પડી ગઈ. ઝૂંપડીના આગળના ભાગમાં તેને રાખેલી હતી. આવાં ગામડાંમાં માંદા લોકો ગમે તેવાં મેલાં ગોદડાંમાં પડ્યાં રહેતાં હતાં. આ છોકરી પણ આવી જ હાલતમાં હતી. હું ઘરની અંદર સ્ત્રીઓને સમજાવવા ગઈ કે તમારે આંગણે એક મહાન સન્ત પુરુષ પધાર્યા છે. તમે બહાર આવીને તેમને જુઓ તો ખરી, તેમનાં દર્શન તો કરો! પરંતુ મારી નજરમાં જે મહાન પુરુષ હતા તે તેમની નજરમાં તો દુશ્મન હતા. બાપૂજીને માટે તેમના મનમાં કંઈ આદર ન હતો. સ્ત્રીઓને સમજાવવાનો પ્રયત્ન કરીને જ્યારે હું બહાર આવી તો શું જોયું? બાપૂએ છોકરીની પથારીની મેલી ચાદર કાઢી લઈને તેના ઉપર પોતે ઓઢેલી સાફ ચાદર બિછાવી દીધી હતી. પોતાના નાના રૂમાલથી છોકરીનું નાક સાફ કરી દીધું હતું. પાણીથી તેનું મોઢું ધોયું હતું. પોતાની શાલ તેને ઓઢાડી દીધી હતી અને કડકડતી ઠંડીમાં ખુલ્લા શરીરે ઊભા ઊભા દરદીના માથા પર પ્રેમથી હાથ ફેરવી રહ્યા હતા.

દરિદ્રનારાયણના મહાન પૂજારીનું આ દશ્ય ખરેખર અનોખું હતું. બપોરે બેત્રણ વખત તે છોકરીને મધ અને પાણી પાવા માટે બાપુએ મને મોકલી. અને તેના માથે તથા પેટ ઉપર માટીનો પાટો રાખવાનું પણ કહ્યું. રાત્રે એ બાળકીનો તાવ બિલકુલ ઊતરી ગયો. ઘરનાં જે ભાઈબહેનો બાપૂને પોતાના દુશ્મન સમજતાં હતાં તેઓ ખુલ્લા મનથી ભક્તિભાવ સાથે બાપૂને પ્રણામ કરવા આવ્યાં અને કહેવા લાગ્યાં: "આપ સાચેસાચ ખુદાના ફિરસ્તા છો. અમારી બેટીને માટે આપે જે કામ કર્યું તેના બદલામાં અમે આપની શું સેવા કરી શકીએ?"

બાપૂએ કહ્યુ: "હું તો એક સાધારણ માણસ છું. હું નથી ફિરસ્તો કે નથી પેગંબર. સેવા કરવાનું મને સારું લાગે છે એટલે કંઈક કરું છું. આ છોકરીનો તાવ આજે ઊતરી ગયો તેનો યશ મને નથી. મેં તેને થોડી સાફ કરી અને તેના પેટમાં થોડુંક હલકું પોષણ ગયું, એથી કદાચ એનો તાવ ઊતર્યો હશે. પરંતુ જો તમે મને આનો બદલો ચૂકવવા માગતાં હો તો હું તમને એટલું જ કહું છું કે તમે જાતે નિર્ભય બનો અને બીજાઓને પણ નિર્ભય બનાવો. આ દુનિયા ખુદાની જ છે અને આપણે બધાં તેનાં જ બાળકો છીએ. આથી મારે તમને એક જ વિનંતિ કરવાની છે કે તમે સૌ પોતાના મનમાં એવો ભાવ પેદા કરો અને તેને વધારો કે આ દુનિયામાં સૌને જીવવાનો અને મરવાનો એક સરખો હક છે.

**("બાપૂના જીવનપ્રસંગો"માંથી સાભાર)**

---

આપણે આપણા વિરોધીઓના વિજેતા થઈએ છીએ, પણ ખરી રીતે તો આપણા એ વિરોધીઓને લીધે જ આપણામાં તેમને જીતી લેવાની શક્તિનો વિકાસ થયેલો હોય છે. જો આપણા વિરોધીઓ ન હોય તો કદી આપણે દૃઢ અને મજબૂત થઈએ નહીં. એક વૃક્ષ હજારો વાવાઝોડાં સહન કરીને જ મજબૂત થયેલું હોય છે. આપણાં સંકટો અને વિપત્તિ જ આપણને દૃઢ બનાવે છે.

* * *

# પ્રાર્થનાની મહત્તા

'શ્રી શિવશક્તિ'

પ્રત્યેક દેશ અને પ્રત્યેક ધર્મમાં એક યા બીજા સ્વરૂપે ઈશ્વરની પ્રાર્થના કરવામાં આવે છે. આવી પ્રાર્થના સામાન્ય રીતે, સમૂહમાં મંદિરોમાં, મસ્જિદોમાં, દેવળમાં, આશ્રમોમાં અથવા વ્યક્તિગત રૂપે ઘરમાં પણ થાય છે. આથી સ્વાભાવિક રીતે એક સામાન્ય પ્રશ્ન આપણા મનમાં ઉદ્‌ભવે છે કે પ્રાર્થનાનું આટલું બધું મહત્ત્વ કેમ છે? પ્રાર્થના કરવાથી શો લાભ થાય છે? અને પ્રાર્થનાનું સાચું સ્વરૂપ શું છે?

અનુભવને અંતે પ્રાર્થનાનું સાચું સ્વરૂપ જેઓએ નિહાળ્યું છે, અને જેઓ પ્રાર્થનાનું સાચું હાર્દ સમજ્યા છે, તેવા સંતો, ભક્તો અને મહાત્માઓનું કહેવું છે કે પ્રાર્થના એ માનવજીવનની સમૃદ્ધિનું સાચું પ્રેરક બળ છે. પ્રાર્થનાથી માનવીને હૃદયની સાચી શાન્તિ અને પરમ આનંદની જે પ્રાપ્તિ થાય છે, તેની તુલના સામે સ્વર્ગના વિલાસવૈભવ પણ તુચ્છ જણાય છે.

ઈશ્વરની પૂજા અને બાહ્ય ઉપાસના એ પ્રાર્થનાનું સાચું સ્વરૂપ નથી, પરંતુ પરમાત્માની સાથે આત્માનું ઐક્ય સાધી પ્રભુમય બની જવું એ પ્રાર્થનાનું સાચું સ્વરૂપ છે. હૃદયના વિશુદ્ધ પ્રેમથી અને શ્રદ્ધાપૂર્વકની પ્રાર્થનાથી મનુષ્યના તન અને મન ઉપર અદ્‌ભુત પ્રભાવ પાડે છે. વિશુદ્ધ હૃદયની પ્રાર્થનામાં એક એવું સામર્થ્ય સમાયેલું છે કે જે મનુષ્યને નિર્મળ બનાવી, નૈતિક બળ આપી, આત્મશ્રદ્ધા અને આત્મવિકાસના માર્ગ ઉપર લઈ જાય છે.

પ્રાર્થનાથી માનસિક શાંતિ પ્રાપ્ત થાય છે. આ અનુભવ પ્રત્યેક માનવીને એક યા બીજા પ્રકારે થતો હોય છે. જ્યારે માનવીના જીવનમાં ચારે બાજુ દુઃખનાં વાદળ ઘેરાવાથી અંધકાર છવાય છે, કોઈ રાહ સૂઝતો નથી, સગાંસબંધીઓનો સાથ તૂટી જાય છે, કોઈ માર્ગદર્શક હોતું નથી, આવા સમયે તે વિવશ બની જાય છે. બે હાથ જોડી, દીન ભાવે ભગવાન સમક્ષ બેસી, આંખમાં આંસુની ધારા વહાવતો, સાચા હૃદયથી જ્યારે ભગવાનની પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! મારી રક્ષા કરો! મને રાહ બતાવો! ત્યારે કોઈ ચમત્કાર થતો હોય તેમ કોઈ વિચિત્ર ઢંગથી આપણું કાર્ય સફળ થાય છે. આમ આપણે જોઈશું તો સમજાશે કે, પ્રાર્થના એક એવી દિવ્ય ચેતનશક્તિનું કેન્દ્ર છે, કે જેનાથી શરીરમાં આત્મશક્તિનો—પ્રકાશનો સંચાર થાય છે અને એક પ્રકારની અપૂર્વ માનસિક શાન્તિ મળે છે.

સાચા હૃદયની પ્રાર્થનાનો સ્વીકાર કરી પ્રભુ અવશ્ય સહાય કરે છે. આવા અનેક દાખલા આપણે ઇતિહાસમાં વાંચ્યા છે, જોયા છે અને અનુભવ્યા પણ છે. મહાભારત કહે છે કે જ્યારે ભરસભામાં દ્રૌપદીનાં ચીર ખેંચાયાં, પોતાની ઇજ્જત બચાવવાનો ભય ઊભો થયો, ત્યારે દ્રૌપદીએ પોતાના પાંચે પતિ સમક્ષ સહાય માટે નજર કરી, બે હાથ જોડી વડીલો અને મુરબ્બીઓ પાસે મદદની માગણી કરી પણ બધું વ્યર્થ ગયું. કંઈ પરિણામ દેખાયું નહિ અંતે દ્રૌપદીએ ભગવાન શ્રી કૃષ્ણને ખરા દિલથી યાદ કર્યા. પરિણામ આપણે સૌ જાણીએ છીએ. દ્રૌપદીની પ્રાર્થના પ્રભુએ સ્વીકારી અને સહાય કરી. ગજેન્દ્રે પ્રાર્થના કરી, તેને મોક્ષ મળ્યો. ધ્રુવે પ્રાર્થના કરી અમર પદની પ્રાપ્તિ કરી. મીરાંએ પ્રાર્થના કરી ગિરિધરગોપાલને રીઝવ્યા. ગુજરાતના આદિ ભક્ત—કવિ નરસિંહ મહેતાએ ભગવાનની પાર્થના દ્વારા અનેક કાર્યો સિદ્ધ કર્યાં છે તે જગજાહેર છે. આવા અનેક દાખલા આપણી સમક્ષ છે. જેણે જેણે સાચા હૃદયથી પ્રભુની પ્રાર્થના કરી છે તેણે તેણે પોતાની ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી છે.

આ બધી વાતો આપણને બહુ જૂનીપુરાણી દેખાય છે. પરંતુ ભૌતિકવાદના આ યુગમાં ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવનમાં દૃષ્ટિપાત કરીશું તો જણાશે કે પ્રાર્થનાનું મહત્ત્વ તેમના જીવનમાં ઓછું ન હતું. તેમનું જીવન જ પ્રાર્થનામય બની ગયું હતું. મહાત્માજી નિઃસંકોચ કહેતા હતા કે મારી સમક્ષ ઉપસ્થિત થતા રાષ્ટ્રિય, સામાજિક અને રાજનૈતિક વિકટ સવાલોનો ઉકેલ હું પ્રાર્થના દ્વારા મેળવું છું. પોતે પ્રાર્થનાને એક અનંત શક્તિ સમજતા હતા. સત્ય અને અહિંસાના તત્ત્વનું સાચું દર્શન તેમને પ્રાર્થનામાંથી મળતું હતું. તેમનું મંતવ્ય હતું કે પ્રાર્થના એ આત્માનો પોકાર છે. જ્યારે સર્વસ્વ છોડીને ઈશ્વર ઉપર ભરોસો રાખીએ

છીએ, અને ત્યાર બાદ જે ભાવના જાગૃત થાય છે તે ભાવનાનું ફળ પ્રાર્થના છે. પ્રાર્થના હૃદયની હોવી જોઈએ. જીભ પર અમૃત હોય અને હૃદયમાં હળાહળ ઝેર ભર્યું હોય તો એ જીભનું અમૃત નકામું છે. તેઓ નિઃશંકપણે માનતા હતા કે જેમ શરીરને ટકાવી રાખવા માટે ભોજન આવશ્યક છે, તેમ આત્માની શુદ્ધિ માટે પ્રાર્થનાની આવશ્યકતા છે. પ્રાર્થનાના માધ્યમ દ્વારા જ એમણે ભારતની જનતા સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કર્યા અને આખા રાષ્ટ્રને જાગૃત કર્યું. પરિણામે વર્ષોજૂની ગુલામીનાં બંધન તોડી આઝાદી અપાવી એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી.

રાષ્ટ્રિય આફત સમયે, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ જેવા કુદરતી કોપના વિકટ પ્રસંગોમાં આપણે ઠેર ઠેર સામુદાયિક પ્રાર્થનાસભાઓ યોજીએ છીએ. આવી શ્રદ્ધાપૂર્વકની પ્રાર્થનાઓ મોટે ભાગે સફળ પણ થાય છે તે આપણો સામાન્ય અનુભવ છે.

પ્રાર્થનાનું મહત્ત્વ આદિઅનાદિ કાળથી સ્વીકારવામાં આવેલું છે. પુરાણોમાં દેવ-દાનવોના સંઘર્ષના સમયમાં દેવો પણ પ્રાર્થનાઓ કરતા હતા. આમ સમગ્ર રીતે વિચારીશું તો સમજાશે કે પ્રાર્થના એ માનવીના દૈનિક જીવનમાં અતિ અગત્યનું સ્થાન ધરાવે છે એક ચિત્તથી વિનમ્રભાવે સાચા હૃદયથી પ્રાર્થના કરવાની ટેવ પાડીશું તો થોડા જ સમયમાં આપણા જીવનમાં ચમત્કારિક પરિવર્તન થતું જણાશે, આપણા પ્રત્યેક કાર્યમાં અને વિચારોમાં પ્રાર્થનાનો પ્રભાવ પડેલો જણાશે.

## શું વળ્યું?

જાગ્યા ન ઘટ અંતર વિષે, નિશિ જાગવાથી શું વળ્યું?
ત્યાગ્યા ન દુર્ગુણ દિલતણા, ઘર ત્યાગવાથી શું વળ્યું?

બોધ્યું ન નિજ મન તો અવરને બોધવાથી શું વળ્યું?
શોધ્યું ન નિજ ઘર તો અવરને શોધવાથી શું વળ્યું?

છોડી ન માયા મમત તો, સંસાર છોડયે શું વળ્યું?
તોડી ન તૃષ્ણા તો પછી, શિર કેશ તોડયે શું વળ્યું?

બાળ્યાં ન બીજક જન્મનાં, બળ રુધિર બાળ્યે શું વળ્યું?
પલળ્યું ન મન પોતા તણું, પરનાં પલાળ્યે શું વળ્યું?

દેખ્યા ન નિજ દિલદાર ઘટમાં, અવર દેખ્યે શું વળ્યું?
જો 'સંતશિષ્ય' ન સંત સેવ્યા (તો) મનુષ્યભવમાં શું વળ્યું?

કવિવર્ય પં. શ્રી નાનચંદ્રજી મહારાજ

જેની આગળ પાપ–તાપ, વેર–ઝેર, કલેશ–કંકાસ, દુ:ખ–દુર્ભાગ્ય દૂર થઈ જાય છે તે ભારતીય સંસ્કારિકતાની રત્નખાણમાં જન્મ લેતી —

# આર્ય નારી

શ્રી 'પૂર્ણિમા'

સત્યયુગ અને કલિયુગ એ 'સમય'માં નથી રહેતા પણ 'માણસના સ્વભાવ'માં રહે છે. માણસ તેના સ્વભાવમાંથી સત્યુગ પણ પ્રકટાવી શકે છે અને કલિયુગ પણ. અને એક વાર જેના સ્વભાવમાં સત્યયુગ પ્રકટયો તેના સ્વભાવમાં ફરી કદી કળિયુગ પ્રકટી શકતો નથી. કારણ કે એ વખતે મનુષ્યને સત્યનો—સત્ય જીવનનો અનુભવ થઈ જાય છે. પારસમણિથી લોઢાનું સોનું થયા પછી એ સોનાને લોઢું બનવાનો કદી ભય રહેતો નથી. જ્યાં એક વાર કટોકટીભર્યો કળિયુગ વ્યાપી રહ્યો હતો ત્યાં સત્યયુગનું આગમન કેવી રીતે થયું તે આ વાર્તાની આર્ય નારી બતાવે છે અને ઘરેઘરમાં સત્યયુગની સ્થાપના કરવાનું માર્ગદર્શન અને પ્રેરણા આપે છે.

કોઈ એક કુટુંબમાં બે સ્ત્રી–પુરુષ, તેમના પાંચ પુત્રો અને બે પુત્રીઓ હતાં. પુત્રોનાં લગ્ન થઈ ગયાં હતાં. તેમાંના ચારને બાલબચ્ચાં પણ હતાં. પુત્રીઓ કુંવારી હતી. સૌથી નાના પુત્રનું લગ્ન થોડા દિવસ પહેલાં જ થયું હતું. તેની સ્ત્રી હજુ પિયરમાં હતી. આ પ્રમાણે છોકરીઓ, વહુઓ અને સાસુ મળી ઘરમાં કુલ સાત સ્ત્રીઓ હતી. તેઓ જો ઇચ્છે તો બધી હળીમળીને ઘરનું કામ સારી રીતે કરી શકે તેમ હતું. પરંતુ અંદર અંદર તેઓને બનતું નહીં. તેઓ એકબીજાની ઈર્ષ્યા કર્યા કરતી અને ઘરનું કામકાજ કરવામાં ધ્યાન રાખતી નહીં. બધી એમ ઇચ્છતી કે પોતાને ઓછામાં ઓછું કામ અને વધારેમાં વધારે આરામ મળે. અરસપરસ સૌ વાતવાતમાં મારું–તારું કરતાં હતાં. ઘરમાં અશાંતિ અને કજિયાનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. આવી સ્થિતિમાં સૌથી નાના પુત્રની સ્ત્રી પણ પોતાના પિયરથી આવી. તે સજ્જનના ઘરની છોકરી હતી. તેને નાનપણથી જ સારું શિક્ષણ મળ્યું હતું. આવું કલેશમય વાતાવરણ જોઈને તે ગભરાઈ ગઈ. પોતાની સાસુ અને જેઠાણીઓને કજિયા કરતી જોઈ એક દિવસ તે રોઈ પડી. અત્યંત દુ:ખી થઈને તે મનથી ભગવાનની પ્રાર્થના કરવા લાગી કે 'હે પ્રભો ! શું આવા કજિયા જોવા–સાંભળવા માટે આપે મને આ ઘરમાં મોકલી છે ! દરેકના દિલમાં એકબીજા પ્રત્યે ઈર્ષ્યા જ સળગી રહી છે. હેત–પ્રેમનો તો છાંટો પણ કોઈનું દિલ જાણતું નથી. આવા વાતાવરણમાં તો હું એક દિવસ પણ ન રહી શકું. રાતદિવસના ઝઘડાઓમાં હું શેકાઈ જાઉં છું. મેં પાછલા જન્મોમાં એવાં કેવાં દુષ્કર્મો કર્યાં છે કે જેથી મારું પાનું આવા ઘરમાં પડ્યું ?' રોતાં રોતાં તે બેહોશ જેવી થઈ ગઈ. તેનામાં સત્યના સંસ્કારો હતા તેથી તેને અંતરમાંથી સત્યની પ્રેરણા સંભળાઈ: "બેટી ! ગભરાઈશ નહીં. આ ઘરને સુધારવા માટે જ તારો અહીં સંબંધ થયો છે. સદ્‌ગુણો ત્યારે જ સાર્થક બને છે કે જ્યારે તેઓ દુર્ગુણોને જીતીને સદ્‌ગુણમાં–આત્મરૂપમાં પલટાવે છે. તેથી તારા જેવી છોકરીની આ ઘરમાં જરૂર હતી. તું આ દુર્ગુણી મનુષ્યોની ક્ષુદ્રતાથી ગભરાઈશ નહીં. તેમની દુષ્ટતા પ્રત્યે તારે જોવું નહિ. તારે તો તારા સદ્‌ગુણો પ્રમાણે જ વર્તવું."

અંતરના ઊંડાણમાંથી સ્ફુરી આવતા આ અલૌકિક ભાવમાં તે ક્ષણવાર તન્મય બની ગઈ. જેણે આ જન્મે કે પૂર્વજન્મોમાં સત્યમાર્ગે ચાલીને ધર્મનું રક્ષણ કર્યું હોય છે તેનો ધર્મ જ દરેક વખતે તેનો પ્રેરક બનીને તેનું રક્ષણ કરે છે અને તેને નિર્ભય બનાવે છે. એવી નિર્મળ આન્તરિક ભાવનામાં તદ્રૂપ બનતાં નાની વહુને બહુ સાન્ત્વના મળી. તેનો બધો ગભરાટ ચાલ્યો ગયો. તેણે કર્તવ્યનો નિશ્ચય કરી લીધો.

તેની સાસુ, જેઠાણીઓ અને નણંદોએ આપસમાં ભાગ પાડીને ઘરનું કામ વહેંચી લીધું છે. સાસુ અને નણંદો ઘરનું પરચૂરણ કામ કરતી હતી અને વહુઓ વારાફરતી ભોજન રાંધતી હતી. બીજાં કામોના પણ વારા બાંધી લીધા હતા. પરંતુ

દૈવયોગે જો કોઈ બીમાર થઈ જતી તો બીજી વહુઓ તેના ભાગનું કામ કરવામાં આનાકાની કરતી. તેઓ તેના ઉપર ઢોંગનો આરોપ મૂકતી અને અનેક જાતના આક્ષેપ કરતી. કલેશનું બીજું કારણ એ હતું કે જ્યારે ઘરમાં કોઈ ખાવાપીવાની વસ્તુ લાવવામાં આવતી ત્યારે સૌ કોઈ એમ ઈચ્છતું કે સારામાં સારી અને વધારેમાં વધારે મને મળે બસ, આવી જાતનાં કારણોથી કંકાસ શરૂ થઈ જતો અને બધાં પરસ્પર ગાળાગાળીએ આવી જતાં. કોઈ-વાર નજીવી બાબતમાં પણ કજિયો થઈ જતો. જ્યારે કોઈવાર ભાઈભાઈનાં છોકરાં લડતાં ત્યારે તેમની માતાઓ પરસ્પર એકબીજીને ખરાંખોટાં વેણ સંભળાવતી. આ બધું જોઈને નાની વહુને દુઃખ થયું. જે દિવસે તેને હૃદયની પ્રેરણા મળી હતી તે દિવસથી તે ઝઘડા મટાડવાનો ઉપાય વિચારતી હતી. તેને લાગ્યું કે આ નિમિત્તે મને ઘણી જ સારી તક મળી છે. એક દિવસ એકાંતને વખતે તે તેની સૌથી મોટી જેઠાણીની પાસે ગઈ. તે દિવસે રસોઈ બનાવવાનો વારો જેઠાણીનો હતો. નાની વહુએ જેઠાણીને કહ્યું કે, 'મોટીબહેન ! હું બધાં કરતાં નાની છું. મારી હાજરી છતાં તમે રસોઇ બનાવો તે સારું ન લાગે. વળી તમારે તો બાલબચ્ચાંની સંભાળ પણ રાખવી પડે છે. અને મારે વધારે કામ નથી. જો તમારો રસોઈ બનાવવાનો વારો મને આપી દો તો બહુ જ સારું."

જેઠાણીએ પહેલાં તો ઘણી આનાકાની કરી. તેણે કહ્યું, "વહુ ! હજુ તો તારે ખાવાપીવાના અને મોજ કરવાના દિવસો છે. એકાદ બાળકની માતા થઈ એટલે પછી કામ કરવાનું અને ચૂલા ફૂંકવાનું તો માથે પડવાનું જ છે ને."

નાની વહુએ કહ્યું, "જેઠાણીજી ! હું આપના પગમાં પડું છું. મને આવી રીતે નિરાશ ન કરો. આ દિવસો તો મારે કામ કરવાના છે. અત્યારથી જો તમે મને આરામ લેનારી બનાવી મૂકશો તો પછી આગળ જતાં હું કોઈ કામની નહીં રહું. મારાથી બને તેટલું કામ કરવાનો મારો ધર્મ છે. આપ મારા ધર્મથી દૂર રાખી મને પાપી ન બનાવો." આમ કહીને તે રોવા લાગી. હવે જેઠાણી તેની વાતની ના પાડી ન શકી. તેણે રસોઈ કરવાનો પોતાનો વારો નાની વહુને આપી દીધો. આવી રીતે પ્રેમથી બધી જેઠાણીઓ પાસેથી વિનય કરીને તેમના રસોઈના વારા નાની વહુએ લઈ લીધા. રોજનું રસોઈનું કામ પોતાની જવાબદારી ઉપર લઈને તે ખૂબ જ પ્રસન્ન થઈ. દરરોજ તે પ્રેમથી રસોઈ બનાવતી અને બધાંને ખવડાવીને પછી પોતે ખાતી. તે સુંદર રસોઈ બનાવતી અને ચપળતાથી થોડી વારમાં ઘણી વસ્તુઓ તૈયાર કરી દેતી આ કામ કરવામાં તેને જરાય થાક જેવું લાગતું નહીં. ઊલટું ઉત્સાહને લીધે તેને ઘણું સુખ લાગતું. કદાચ કોઈ મહેમાન આવી જાય તોપણ ફરી રાંધવામાં તેને કચવાટ થતો નહીં. તેને પણ બહુ જ પ્રેમથી તે ભોજન કરાવતી. કામ કરવામાં અને બીજાને રાહત આપવામાં તે પોતાને જ સુખી કરતી સમજતી હતી. તેની આવી અદ્‌ભુત લગની અને સેવાભાવ જોઈને સર્વ કોઈ તેની પ્રશંસા કરતું હતું.

એક દિવસ તેની સાસુ તેની પાસે આવી અને બોલી, "બેટી ! આ તેં શું કર્યું ? બધાંના વારા તેં પોતાના ઉપર શા માટે લઈ લીધા ?" તેણે નમ્રતાથી જવાબ આપ્યો; "માતાજી, મારાં માતા-પિતાએ મને શીખવ્યું છે કે આ શરીર તો એક દિવસ માટીમાં મળી જશે. તેથી તેના વડે વધારેમાં વધારે સેવા કરવાનો લાભ લઈ લેવો. એ જ તેનો સૌથી સારો ઉપયોગ છે. ગમે તેટલું સાચવી રાખવા છતાં પણ છેવટે તે બચવાનું નથી. સેવા એ જ મોટું ધન છે. વળી કામ કરવાથી તે વધારે તંદુરસ્ત અને મજબૂત બને છે અને અન્તરમાં પણ પ્રસન્નતા ઊપજે છે. તેથી આપને પણ મારી પ્રાર્થના છે કે કામ કરવામાં મને બરાબર ઉત્સાહ આપતાં રહો."

તેનો આવો જવાબ સાંભળી સાસુ ચકિત થઈ ગઈ. તેણે વિચાર્યું કે આ તો કોઈ દેવી છે. કોઈ સાધારણ સ્ત્રીમાં આવો સુંદર ભાવ ન હોઈ શકે.

બીજે દિવસે સસરાજી વહુઓને આપવા માટે ઘણી સાડીઓ લાવ્યા. તેમણે દરેક વહુને એક વર્ષ માટે બાર બાર સાડીઓ આપી. સૌથી નાની વહુ પોતાના ભાગમાંથી બે સાડી લઈને પોતાની સૌથી

મોટી જેઠાણી પાસે ગઈ અને વિનયપૂર્વક બોલી, "જેઠાણીજી ! અહીં આવતી વખતે મારા પિતાજીએ મને ઘણી સાડીઓ આપી છે. હમણાં મારે તે પૂરતી છે. તેનાથી મારું કામ ચાલે છે. આપ મારા પર કૃપા કરીને આ બે સાડી રાખો." જેઠાણીએ પહેલાં તો બહુ આનાકાની કરી પરંતુ તેનો ખૂબ આગ્રહ જોઈને ના પાડી શકી નહીં.

આવી રીતે આગ્રહ કરીને તેણે બબ્બે સાડીઓ પોતાની બીજી જેઠાણીઓને તથા બે સાડી સાસુને તથા એકેક સાડી નણંદોને આપી. તેના આવા ઉદાર વ્યવહારની બધાં ઉપર છાપ પડી. સાસુએ પૂછવાથી તેણે કહ્યું : "માતાજી ! વસ્ત્ર વગેરેનો વધારે સંગ્રહ કરી રાખવાથી તેમાં મન ચોંટી રહે છે અને મોહ ઉત્પન્ન થતાં તેમાં ફસાઈ જવાય છે. તેથી મરતી વખતે પણ જો તેમાં મન ચોંટી રહે તો આપણે ગરીબ અવસ્થામાં જન્મ ધારણ કરવો પડે છે વસ્ત્રો વગેરેમાં ખૂબ આસક્તિ એ જ માણસની ગરીબી છે. જે માણસમાં આસક્તિ નથી, પણ સંતોષ અને આત્મવિશ્વાસ (અથવા પ્રભુ પર વિશ્વાસ) છે તે જ ખરો શ્રીમંત અને ખાનદાન છે. આવા સંતોષી માણસને જ્યારે જે વસ્તુની જરૂર પડે તે મળી જ રહે છે. જેની પાસે વસ્ત્રો વગેરે ન હોય તે જો તેની તૃષ્ણા રાખે તો એ વધુ ખરાબ નથી, પરંતુ પૂરતી વસ્તુ હોવા છતાં તેમાં આસક્તિ કરીને તેનો સંગ્રહ વધાર્યા કરવો એમાં છતી સંપત્તિએ ગરીબી જ છે, અને વિશ્વંભર ભગવાન ઉપર અવિશ્વાસ છે. માટે વસ્તુને બીજાના કામમાં લગાડવી એ જ તેનો સર્વોત્તમ ઉપયોગ છે.'

સાસુ તેનો આ ઉત્તર સાંભળી ખૂબ પ્રસન્ન થઈ, અને તેની ખૂબ પ્રશંસા કરવા લાગી. આ તરફ ઘરમાં પૈસા પણ વધવા લાગ્યા. સસરાએ દરેક વહુઓને ઘરેણાં કરાવી આપ્યાં. નાની વહુએ પોતાના હિસ્સાનાં ઘરેણાં ચાર જેઠાણીઓ તથા નણંદોને વહેંચી આપ્યાં, અને પોતાને માટે એક પણ ન રાખ્યું. તેણે કહ્યું કે મારી પાસે પિતાજીનાં આપેલાં પૂરતાં ઘરેણાં છે. વધુ ઘરેણાંની મારે શી જરૂર છે? આવી રીતે તેણે પોતાના સંતોષી અને ઉમદા વ્યવહાર વડે સર્વના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું. ઘરનાં સૌકોઈ તેના પર ખૂબ સંતુષ્ટ રહેતાં હતાં.

એક દિવસ વખત જોઈને નાની વહુએ મોટી જેઠાણી પાસે સાંજનો રસોઈ બનાવવાની પણ આજ્ઞા માગી. તે કહેવા લાગી; "હું બેઠી હોઉં ને તમે રસોઈ બનાવવાનું કામ કરો તે મારે માટે બહુ શરમની વાત છે." તે આ પ્રમાણે કહેતી હતી તે વખતે તેની સાસુ ત્યાં આવી પહોંચી. તે મોટી વહુને પૂછવા લાગી "આ કઈ વાત માટે આગ્રહ કરે છે?" નાની વહુ સાંજની રસોઈ પણ પોતાના ભાગમાં લઈ લેવા ચાહે છે એ જાણી સાસુ હસીને બીજી વહુઓ પ્રત્યે બોલી, "તમે લોકો આ તમારી નાની દેરાણીથી સાવધાન રહેજો. આ તમારા પાસેથી ખરા લાભની વસ્તુ ખૂંચવી લેવા માગે છે." મોટી વહુ સાસુનો અભિપ્રાય ન સમજવાથી બોલી, "સાસુજી, તમે શું કહો છો ? આ નાની વહુ તો બહુ જ ગુણિયલ અને ઉદાર છે. અમારા લાભની વસ્તુ ખૂંચવી લેવાનો કપટબુદ્ધિ તો એનામાં જરા પણ નથી. ઊલટું એ તો જાતે કષ્ટ વેઠીને અમારાં કામ કરી આપે છે. તેને માટે અમારો લાભ ખૂંચવી લેવાની વાત તમે કેમ કરો છો ?"

સાસુએ કહ્યું, "તું સમજી નહીં. જે લાભ 'આપે' છે તે જ લાભ 'મેળવે' છે. તે આપણને પોતાનો લાભ આપીને, આપણી સેવા કરીને તથા આપણને ઘરેણાં, કપડાં અને શારીરિક આરામ વગેરે વસ્તુઓ આપીને પોતાના જીવનની–અંતરની શુદ્ધિ-રૂપ સાચી આધ્યાત્મિક કમાણી કરી લે છે, અને સેવા કરીને આપણને પોતાનાં ઋણી બનાવી આપણાં પુણ્ય છીનવી લે છે. આનાથી વધારે ઠગાઈ બીજી કઈ હોઈ શકે ? તેણે મને એક દિવસ કહ્યું હતું કે જગતમાં આ જે બીજાં માણસો દેખાય છે, તે ખરેખર 'બીજાં' નથી. તેમનામાં જે બીજાપણું દેખાય છે તેમાં માણસ જો પોતાપણું જોઈ લે અને તેમના પ્રત્યે જો સેવા અને સમર્પણનો ભાવ પ્રકટ કરે, તો તો બીજાપણું માણસને ખરેખરું આત્મકલ્યાણ (આત્મસ્વરૂપ) પ્રાપ્ત કરાવાને, તેને સર્વરૂપ બનાવાને, બીજાપણું મટીને આત્મપણું બની રહે છે. તેણે એમ પણ કહ્યું હતું કે જો શુદ્ધ ભાવથી

આપ્તજનોની સેવા કરીએ તો થોડા જ વખતમાં અંતઃકરણ શુદ્ધ થઈ આત્મકલ્યાણ થઈ જાય છે. એટલા માટે વહુ! સાંજના રસોઈનું કામ તો હું મારા પર લઈશ. મારે પણ આત્માનું કલ્યાણ કરવું છે."

સાસુની વાત સાંભળી બધાંની આંખો ઊઘડી. પછી તો બધાંને પોતાની ક્ષુદ્રતા અને સંકુચિતતા સમજાઈ. બધાંને આત્મશુદ્ધિની ઇચ્છા પ્રકટી અને બધાંને બીજાંની સેવામાં અને સ્વાર્થત્યાગમાં–સમર્પણમાં રસ આવવા લાગ્યો. એક વખત જે બધી પોતપોતાનાં કામ કરવામાં પણ દિલચોરી રાખતી હતી, તે હવે પોતાનું અને પારકું ભૂલીને મુક્ત દિલે કામ કરવામાં ઉત્સાહ અનુભવવા લાગી. જે વહુઓ પોતાના રસોઈ કરવાના વારા નાની વહુએ પોતાને માથે લઈ લેવાથી સુખ અને આરામ ભોગવવામાં રાજી થતી હતી તે હવે વારા ગણવાનું છોડીને રસોઈ કરવાની તક ઝડપી લેવા લાગી. જે ઘરમાં થોડા વખત પહેલાં કામ માટે આપસમાં ઝઘડા થતા ત્યાં હવે સૌ મન દઈને ઉત્સાહપૂર્વક કામ કરવા લાગ્યાં અને બીજાનું કામ કરવામાં પણ પોતાનું જ કામ ગણવા લાગ્યાં.

જ્યારે નાની વહુએ જોયું કે આ લોકો હવે મને રસોઈનું કામ નહીં સોંપે, ત્યારે તેણે સેવાનો બીજો રસ્તો કાઢ્યો. તેણે વિચાર કર્યો કે ઘરમાં રોજ આઠદશ શેર લોટની વપરાશ છે. સંચાની ચક્કીમાં જે લોટ દળાય છે તેમાં અનાજનું કોમળ સાત્ત્વિક તત્ત્વ દાઝી જાય છે. કારણ આવો લોટ ખાવાથી શરીરની તંદુરસ્તીને નુકસાન થાય છે હવે રસોઈનું કામ તો મારી પાસે છે નહીં. તેથી મારે દરરોજનો લોટ દળી નાખવાનું કામ કરવું જોઈએ. પ્રભાતમાં વહેલી ઊઠીને હાથ–મોં ધોઈ તે ઘઉં દળવા બેસી ગઈ. શરીર સ્વસ્થ અને સબળ હતું, (પ્રમાદ વગરનાં મહેનતુ માણસોનું શરીર હંમેશાં તંદુરસ્ત અને બળવાન જ રહે છે.) મન ઉત્સાહથી ભરેલું હતું, કામ કરવાનો અભ્યાસ હતો. વાતવાતમાં તેણે આઠદશ શેર ઘઉં દળી નાખ્યા

સાસુને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે દોડતી નાની વહુ પાસે આવી અને બોલી, "વહુ! કામ કરવાની આ નવી યુક્તિ શોધી કાઢી કે શું?" વહુએ ગદ્‌ગદ સ્વરથી કહ્યું: "માતાજી! જેઠાણીઓએ રસોઈનું કામ તો મારી પાસેથી લઈ લીધું છે. કામ વિના શરીરમાં આળસ પેસે અને ચિત્તમાં ખોટા વિચાર પેસે, શરીર અને ચિત્ત રોગ તથા અશુદ્ધિનાં ઘર બની રહે, તેથી આ દળવાનું કામ મેં લીધું છે. આમાં શારીરિક કસરત પણ થાય છે; કમર, છાતી અને ફેફસાં મજબૂત બને છે અને શરીરમાં સ્ફૂર્તિ આવે છે. વળી આથી ગર્ભવતી સ્ત્રીઓને પ્રસવ પણ સુખપૂર્વક થાય છે. ઘરનાં માણસોને હાથના દળેલા સત્ત્વવાળા લોટની રસોઈ ખાવા મળે છે. આ બધાં કારણોને લીધે અનાજ સંચામાં દળાવવાનું બંધ કરીને તે દળવાનું કામ મેં લીધું છે. આમાં મને તમારી સંમતિ મળે એમ ઇચ્છું છું."

હવે તો સાસુ પોતાની નાની વહુને ગુરુની પેઠે માનવા લાગી. તેનાં બધાં કામ તે ગૌરવની દૃષ્ટિએ જોવા લાગી. તેની એકેએક વાત સાસુને અર્થવાળી અને જ્ઞાનયુક્ત લાગવા લાગી અને પોતે પણ વહુના કામમાં સાથ આપવા લાગી. નાની વહુએ પહેલે દિવસે સવારે છ વાગ્યે દળવાનું કામ આરંભ્યું તો બીજે દિવસે સાસુ પાંચ વાગ્યે ઊઠીને આ કામમાં લાગી ગઈ. પછી તો બીજી વહુઓ પણ વહેલી ઊઠીને દળવામાં એકબીજાની હરીફાઈ કરવા લાગી. સર્વની ઇચ્છા હતી કે વધારેમાં વધારે કામ મને મળે.

હવે નાની વહુએ ઓરડા સાફ કરીને કચરો કાઢવાનું તથા કૂવામાંથી પાણી ખેંચી લાવવાનું કામ માથે લીધું. સવારમાં નોકર કચરા વાળવા તથા પાણી ભરવા આવતો હતો, પરંતુ તે આવે તે પહેલાં તો નાની વહુ બધું કરી લેતી. સાસુએ તેને ફરી પૂછ્યું, "બેટી! આવું કામ તેં શા માટે કરવા માંડ્યું?" વહુએ કહ્યુ: "માતાજી! ઘરમાં નિત્યનાં કામ કરવા માટે નોકર રાખવા એમાં દોષ છે. ઘરનું દરેક કામ ઘરનાં માણસોએ જાતે જ કરી લેવું જોઈએ જો આપણે શ્રીમંત હોઈએ તો ગરીબ અને દુઃખી માણસોને મદદ કરવી જોઈએ, પણ શ્રીમંતાઈને લીધે મનુષ્યોને નોકર બનાવીને તેમની પાસે પોતાનાં કામ ન કરાવવાં જોઈએ.

ગરીબ માણસોને પણ આપણી માફક તેમના ઘરનાં બધાં કામ કરવાનાં હોય છે. આપણી પાસે ધન હોય એને લીધે તેમને પોતાનું અને આપણું એમ બેવડું કામ કરવું પડે એમાં આપણા ધનનો ન્યાયી ઉપયોગ થતો નથી, અને તેથી ધનિક રહેવાનો આપણો અધિકાર–આપણું પુણ્ય નષ્ટ થઈ જાય છે. સાચા શ્રીમંતોની શ્રીમંતાઈ નોકરચાકરો રાખવામાં નથી. સાચી શ્રીમંતાઈ હોય ત્યાં નોકરચાકરો રહેતા નથી પણ સર્વની સમાનતા રહે છે સાચી શ્રીમંતાઈ સેવા કરાવવા ઇચ્છતી નથી પણ સેવા કરે છે. સ્વર્ગમાં દેવતાઓને નોકરો હોતા નથી. સ્વર્ગમાં બધા જ દેવતાઓ હોય છે. જેઓ નોકરો પાસે સેવા કરાવે છે તેમનાં પુણ્ય ક્ષીણ થઈ જાય છે અને તેઓ નોકરના અવતારમાં જઈને પડે છે જે ઇશ્વર આપણામાં છે તે જ નોકરમાં છે. તો આપણી જાતનાં કામ નોકર પાસે કરાવી એ ઇશ્વરનું અપમાન કેમ કરાય? માતાજી! જે કામ જેટલું કઠણ અને લૌકિક દૃષ્ટિએ નીચું ગણાતું હોય તે કામ કરવાથી તેટલી જ વધુ આત્મશુદ્ધિ થાય છે. માટે હવે આપણા ઘરમાં ઝાડુ વાળવાનાં, વાસણ માંજવાનાં, કપડાં ધોવાનાં, પાણી ભરવાનાં વગેરે કામ માટે નોકર રાખવાની જરૂર નથી તે કામ હું કરી લઈશ અને નોકરના પગારના પૈસા દુઃખીઓને સહાય કરવામાં વપરાય તેમ કરશો.'

સાસુને તો હવે નાની વહુનાં વચનોમાં વેદવાક્યો જેટલી શ્રદ્ધા થઈ ગઈ. તે પણ વહુને વાસણ માંજવા વગેરે કામમાં મદદ દેવા લાગી. બીજી વહુઓ પણ પોતાની સાસુને એ કામ કરતાં અટકાવીને ઘરનાં બધાં કામ પોતે ઝડપી લેવા લાગી. હવે બધાંમાંથી જુદાપણાનો ક્ષુદ્ર ભાવ જતો રહ્યો હતો. સૌ દરેક કામ પોતાનું સમજીને અને બીજામાં પણ પોતાને જ જોઈને અરસપરસ હેતથી અને નિખાલસતાથી વર્તવા લાગ્યાં. જ્યાં વૈમનસ્ય અને ઈર્ષ્યાદ્વેષનાં ઝેર ઊછળી રહ્યાં હતાં ત્યાં એકરાગતાનું સુંદર સંગીત, હેતની સુવાસ અને પ્રસન્નતા પ્રસરી રહ્યાં.

# સ્વભાવનું ઓસડ નથી

ભગવાન કૃષ્ણ જેટલા પાંડવોના સંબંધી હતા, એટલા જ કૌરવોના પણ સગા હતા. છતાં શ્રીકૃષ્ણ સાથે કૌરવોને વેર વધ્યા જ કર્યું. વ્યાસ મુનિની કલમે અઢાર પુરાણ લખ્યાં, છતાં એ લેખણને જ્ઞાન ન મળ્યું.

*

પાંચજન્ય નામનો શંખ દરરોજ ભગવાનના હાથમાં રહ્યો અને પ્રભુના મુખને અડી કંઈક વખત ભાગ્યશાળી બન્યો છતાં એનો રાગ કોઈ વખત સુંદર ન બન્યો.

*

ગરુડજી વૈકુંઠમાં કાયમ વસે છે, ભગવાનના કૃપાપાત્ર અને વાહન છે, છતાં એ અહિંસક ન બન્યા તે ન જ બન્યા.

*

ગાયોના આંચળ પાસે જ ઈતરડીએ આખો અવતાર ગાળ્યો; લોહી પીધું, પણ એને દૂધનો સ્વાદ ન મળ્યો.

*

દૂધપાક વગેરેના વાસણમાં કડછીનો અવતાર ગયો પણ એણે ભોજનનો કશો સ્વાદ ન લીધો.

# પોકળ અને નગદ

એક જંગલી પ્રદેશના ભીલો જે કોઈ નબળો માણસ માર્ગમાં મળી જાય તેની પાસેથી કપડાંલત્તાં અને ધન–માલ પડાવી લેતા. પહેલાં તે માણસને તીર અથવા છરાથી થોડું લોહી કાઢતા. તે માણસ વગર આનાકાનીએ પોતાની પાસેનું બધું આપી દેતો હોય તોપણ આ ભીલો તેને હથિયારથી થોડો પણ ઘાયલ કર્યા વિના રહેતા નહીં. તેઓ એમ માનતા કે 'આમ કરવાથી આપણને હરામનું ખાવાનો દોષ લાગતો નથી પણ આપણે પરાક્રમથી અને બાહુબળથી મેળવીને ખાઇએ છીએ.'

આ લોકોને સુધારવા અને ઉપદેશ દેવા એક સંત તેમના પ્રદેશમાં ગયા. તેઓ સંતને ગુરુતુલ્ય બ્રાહ્મણ ગણીને દરરોજ મફત દૂધ મોકલતા. પણ તેમના દૂધમાં ત્રણ ભાગનું પાણી અને એક ભાગનું જ દૂધ રહેતું. સંતે તેઓને એકઠા કરીને સમજાવ્યા અને કોઈને દૂધમાં પાણી રેડીને ન આપવાનો કરાર કરાવી લીધો. પણ બીજા દિવસે પણ દૂધની તો તેવી જ દશા રહી. સંતે આનું કારણ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું, 'મહારાજ ! અમે આપનું માન રાખવાને અમારો કુળધર્મ બદલી નાખ્યો, છતાં આપ અમને લાચાર બનાવતા જાઓ છો.' સંતે પૂછ્યું, 'તમે કેવી રીતે તમારો કુળધર્મ બદલ્યો ? દૂધ તો તેવું ને તેવું જ રહ્યું છે ?' ત્યારે તે ભીલોએ કહ્યું, 'પંડિતજી ! આપની આજ્ઞા માનીને અમે દૂધમાં એક ટીપું પણ પાણીનું નાખતા નથી."

સંતે કહ્યું, "તો પછી દૂધ પાતળું કેમ આવે છે ?"

ભીલોએ કહ્યું, "અમે તો દૂધ દોહતા પહેલાં જ તાંબડીમાં પાણી ભરી દઈએ છીએ, એટલે અમારો કુળાચાર પણ તૂટતો નથી અને આપની આજ્ઞાનું પાલન પણ થઈ જાય છે. આપે અમને એવી આજ્ઞા આપી હતી કે દૂધમાં પાણી નાખવું નહીં અને અમે પણ એ પ્રમાણે જ કરવાની કબૂલાત આપી હતી. પરંતુ આપની આજ્ઞા અને અમારી ચાલુ પરંપરાના રક્ષણ માટે અમે અમારા મોટેરાઓની સલાહ લીધી ત્યારે આ ધર્મસંકટમાંથી બચવાનો એક જ ઉપાય તેમણે બતાવ્યો કે દૂધમાં પાણી ન નાખતાં પાણીમાં દૂધ દોહવાથી કાંઈ દોષ લાગશે નહીં."

સંતે કહ્યું : "ભાઈઓ, આવી રીતે તમે તમારો તો ધર્મસંકટમાંથી બચાવ કરી લો છો, પણ ધર્મને તો સંકટમાં જ ડુબાડો છો. ખરો ધર્મ પોતાનો બચાવ કરવામાં નથી, પણ ધર્મનો બચાવ કરવામાં જ છે. ધર્મને માટે પ્રાણ આપી દેવા પડે તોપણ પાછા ન પડવું તેમાં જ ખરી શૂરવીરતા અને ધર્મનું પાલન છે. તમે જે રીતે વર્તો છો તેમાં તો ધર્મને જ ઠગી રહ્યા છો. તમારો ધર્મ બધો પોકળ છે." ભીલોએ કહ્યું; "મહારાજ ! જે ધર્મથી પોતાને જ નુકસાન થાય એવો તે વળી ધર્મ કહેવાતો હશે ?"

સંતે કહ્યું, "તમારો અવળો ધર્મ પાળવાથી જ તમે ભીલ થયા છો. આ તમને ઓછું નુકસાન છે ? અમારો કહેલો ધર્મ પાળવાથી તમે લુટારુ ભીલ મટીને શેઠ, શાહુકાર અને સભ્ય સમાજમાં સ્થાન પામશો અને હમેશને માટે તમારી આવી હીન દશા મટી જશે. ધર્મ સાથે દગો રમવાથી જ તમે ભીલ થયા છો. ખરો ધર્મ શો છે તે તમે તમારા હૈયા ઉપર હાથ મૂકીને વિચારશો એટલે સમજાશે. બુદ્ધિથી ધર્મનાં ત્રાગાં ઊભાં કરી તમે ખરા ધર્મથી છટકી જશો, પણ આવો બુદ્ધિએ બતાવેલો ધર્મ એ તો પિત્તળના બનાવટી રૂપિયા જેવો છે. સાચો ધર્મ સમજવા તમારી બુદ્ધિને સ્વાર્થ સાથે નહીં, હૃદય સાથે જોડો. ત્યાં જ તમને નગદ ધર્મ સમજાશે અને તે જ તમને પરિણામે સાચો લાભ કરશે."

# ભક્ત સુરદાસજી

ડા. હરિપ્રસાદ એ. આચાર્ય

'સુરતાના સૂર રેલાય રે...સંગીત સંતોનાં અમીભર્યા'.

" સુર, ઓ સુર, ભાઈઓને જગાડ. ગામ પર ધાડ આવી છે." વૃદ્ધ પિતાએ આજ્ઞા કરી.

મોગલ લશ્કર ગામડાંઓનાં ગામડાંઓ તારાજ કરતું ચાલ્યું આવતું હતું. મંદિરો તૂટતાં હતાં, ગામો લૂંટાતાં હતાં. બધા ભાઈઓ જાગી ઊઠ્યા. વૃદ્ધ પિતાએ પોતાના હાથમાં તરવાર લીધી ભાઈ-ઓમાંથી કોઈએ ભાલું લીધું, કોઈએ ધારિયું લીધું, ફરસી લીધી—વગેરે જે જે બચાવનાં સાધનો હતાં તે સૌએ લીધાં. સુરે પોતાનો પ્રિય તંબૂરો હાથમાં લીધો. લશ્કર ગામની નજીક આવી પહોંચ્યું હતું.

અર્ધી રાત પસાર થઈ ગઈ હશે. સુરના પિતા મોખરે ચાલ્યા, પાછળ સુરના છ ભાઈઓ. તે પછી ગામના લોકો ચાલ્યા. ગામને પાદર ખૂનખાર લડાઈ થઈ. વૃદ્ધ પિતાએ કાળો કેર વર્તાવી દીધો. તેમના ઝનૂની સામનાથી થોડી વાર મોગલ લશ્કર સ્તબ્ધ થઈ ગયું. છેવટે તેઓ મરાયા. હજારો માણસોના તે લશ્કર સામે સો–બસો માણસોનું શું ગજું? વૃદ્ધ પિતા ગયા. સુરના છ ભાઈઓ પણ તે જ ગતિને પામ્યા. સુરે આ બધું જોયું. તેનું મન ઉદાસ થઈ ગયું. તે યુવાન હતો. તેના મુખ પર બ્રહ્મચર્યનું તેજ વ્યાપી રહ્યું હતું. તેણે ધાર્યું હોત તો પાંચ–પચીસ દુશ્મનોને તે ઘાયલ કરી શકત, પણ તેણે તે માર્ગ ગ્રહણ ન કર્યો. તે ત્યાંથી ચાલતો થયો.

જંગલમાં થોડે દૂરથી અવાજ આવી રહ્યો હતો : 'પાણી, પાણી.' સુરે તે તરફ જોયું તો ચંદ્રના આછા પ્રકાશમાં ભોંય પર ઢળી પડેલા ઘાયલ થયેલા મોગલસૈનિકો પાણી માટે તલપતા હતા સુર તેમની નજીક ગયો. તે પાણી લઈ આવ્યો. મૃત્યુશય્યા પર પડેલા, અંતિમ શ્વાસ લઈ રહેલા તે સૈનિકોએ હિંદુ યુવકને પોતાને પાણી પિવડાવતો જોયો અને તેઓ શરમાઈ ગયા.

સુર માઈલોના માઈલો ચાલીને આવતો હતો. તેને ખૂબ જ થાક લાગ્યો હતો. પાણી વગર ગળું સુકાઈ જતુ હતું એક ગામમાં તે આવ્યો. સદ્-ગૃહસ્થનું ઘર જોઈને તે ઊભો રહ્યો. અંદરથી એક સ્ત્રી ખડકી પાસે આવી. સુરે પાણીને માટે માગણી કરી. તેણે મૃદુ સ્વરથી કહ્યું, 'બેન, તૃષા લાગી છે. થોડું પાણી પીવા આપશો?'

'હે મસ્ત પુરુષ! તારી સોહામણી આંખો જોઈને મને ખૂબ જ આનંદ આવે છે. કેટલી સુંદર આંખો છે! જો તું અહીં રહે તો પાણીની સાથે ખાવાનું પણ આપીશ.' સ્ત્રીએ કહ્યું.

'અરે, શું તમે બોલ્યાં, આ આંખો!' કહેતાં તેણે પોતાની સુંદર આંખો તરત જ સોયાથી ફોડી નાંખી. 'જે સુંદરતા બીજાઓને પાપમાં નાખતી હોય તે સુંદરતા કરતાં અસુંદરતા સારી છે. લ્યો બેન! આ આંખો' કહેતાં પળવારમાં બન્ને આંખોના ડોળા બહાર કાઢી નાખ્યા. જે લોકોએ આ દૃશ્ય જોયું તેઓ દિગ્મૂઢ થઈ ગયા અને સુરને ભક્ત સુર-દાસજી કહીને સંબોધ્યા. અંધ સુરદાસજી ચાલતા થયા. તેમણે પાણી પણ ન પીધું.

*

સુરદાસજી ચાલ્યા જતા હતા. જે રસ્તે ચાલતા હતા તે રસ્તાની બાજુમાં એક કૂવો હતો. આંખે દેખાતું નથી, એકાએક તેમનો પગ લપસ્યો અને કૂવામાં પડી ગયા. ઇશ્વરકૃપાથી કૂવામાં ડૂબી જવાય તેટલું પાણી ન હતું. સુરદાસજીએ છ છ દિવસ તે રીતે કાઢ્યા. ભૂખ તેમને સતાવી શકતી નહોતી. તેમની તૃષા ચાલી ગઈ હતી.

વાતાવરણમાં ચારે તરફ શાંતિ હતી. આકાશમાં પૂનમનો ચંદ્ર સોળે કલાથી ખીલી રહ્યો હતો. સુર-દાસજી આવી નીરવ શાંતિમાં છ છ દિવસના ઉપવાસ પછી પણ આનંદથી ગાઈ રહ્યા હતા...

**'તું તો મેરા સચ્ચા પ્રભુ! ધન્ય તેરી સાયબી.'**

સહસા કોઈએ તેમનો હાથ પકડ્યો અને તેમને કૂવાની બહાર લાવ્યા. બાદ આંખો પર હાથ ફેરવ્યો અને તરત જ સુરદાસજી દેખતા થયા.

ભગવાન મુરારિનાં દર્શન થતાં જ સુરદાસજી ખુશ ખુશ થઈ ગયા અને કહેવા લાગ્યા, 'પ્રભુ!

તમે બહુ દયા કરી. હજારો સૂર્યનું તેજ ઝાંખું પડી જાય તેવું આપનામાં તેજ છે.'

'ભક્તરાજ, માગો, માગો ! શું જોઈએ છે?'

'પ્રભુ ! હવે જે આંખોથી આપનાં દર્શન થયાં તે આંખોથી આ જગતને દેખવું ન પડે.' સુરદાસજીએ ફરીવાર અંધપણું માગ્યું.

*

મહાપ્રભુ વલ્લભાચાર્ય મથુરામાં ગોઘાટ પર બેઠા છે. અસંખ્ય ભક્તો પ્રભુની સંમુખ બેઠા છે અને પ્રભુના મુખથી જ્ઞાનવાર્તા સાંભળી રહ્યા છે.

દૂરથી એક અંધ પુરુષ ચાલ્યો આવતો હતો. તેના હાથમાં તંબૂરો હતો. તેની સાથે એક નાનકડી મંડળી પણ હતી. મહાપ્રભુની નજર તેના તરફ ગઈ. તેનો સુંદર અવાજ તેમના કાન સાથે અથડાયો અને તરત જ તેમણે પૂછ્યું, 'અરે, તે અંધ ગાયક કોણ છે! કેવું સુંદર ગાય છે!'

'પ્રભુ, તે સુરદાસજી છે. આપનું શરણુ લેવાને આવી રહેલ છે.' નજીક બેઠેલા એક ભકતે ઓળખાણ કરાવી. મહાપ્રભુ વલ્લભાચાર્ય તેમનો સત્કાર કરવા ઊભા થયા. સુરદાસજી નજીક આવી પહોંચ્યા અને પ્રભુના ચરણમાં ઢળી પડયા. વલ્લભાચાર્ય તેમને ભેટયા અને પોતાની સાથે બેસાડયા.

સુરદાસજીએ ગાવાનું શરૂ કર્યું: ભગવાન શ્રીકૃષ્ણના વિરહમાં ગોપીઓ ગાંડી બની ગઈ છે, વૃક્ષે વૃક્ષે ફરે છે પણ ભગવાન મળતા નથી. આ વિરહવર્ણન સુરદાસજી ગાઈ રહ્યા છે. તેમના ગાવામાં કોઈ અજબ કલા દેખાય છે. તેમના હૃદયની સુમધુર વાણી સાંભળતાં એમ લાગે છે કે ભક્ત સાથે ભગવાનનો સાક્ષાત્કાર થયો છે. અનેક વિદ્વાનો સભામાં બેઠા હતા. વૃદ્ધો હતા, યુવાનો હતા અને બાળકો પણ હતા. સૌ શાંત થઈ ગયા હતા તે અવાજમાં કોઈ અજબ શક્તિ હતી. પથ્થર પણ રડી પડે તેવું તે વિરહવર્ણન હતું. આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. સૌની આંખોમાંથી અશ્રુધારા શરૂ થઈ ગઈ. મહાપ્રભુ વલ્લભાચાર્યે સુરદાસજીના વાંસા પર હાથ મૂકયા, 'ધન્ય છે સુરદાસજી, ધન્ય છે!' કહેતાં પ્રભુની આંખોમાંથી પ્રેમાશ્રુઓ સરી પડયાં.

*

મધ્યાહ્નનો સમય હતો. ધરતી ફાટફાટ થાય તેવી સખત ગરમી લાગતી હતી. સુરદાસજીને ભાવિક ભક્તો વીનવી રહ્યા હતા, 'હે સંતપુરુષ! આજે અહીં રોકાઓ. અમારે ગામને પાદર કૂવામાં પાણી નથી, ઢોરો તરસ્યાં છે. વરસાદ થતો નથી. તમે ભગવાનને અરજ કરો. વરસાદ મોકલે.' સુરદાસજીએ થોડે દૂર ગાયોને બરાડા પાડતી સાંભળી અને તેમનું હૃદય દ્રવી ગયું.

પ્રખર સૂર્યના તાપમાં ગામને પાદર ચોગાનમાં સુરદાસજી ભજન કરવા બેઠા. ગામના લોકો તેમની વાણી સાંભળવાને આસપાસ બેસી ગયા. તે પ્રખર તાપમાં કોની હિંમત ચાલે કે લાંબો વખત ત્યાં બેસી શકે! થોડી વારમાં જે જુવાનિયાઓ હતા તે અકળાઈ ગયા અને ઊભા થઈ ગયા. વૃદ્ધો થોડી હિંમત કેળવીને બેસી રહ્યા. તેમની હિંમત પણ ખૂટી. ફક્ત એક જ પુરુષ બેઠેલ છે. તેને સૂર્યનો પ્રખર તાપ કાંઈ જ અસર કરી શકતો નથી. પરસેવાથી તેનાં કપડાંઓ ભિંજાઈ ગયાં છે.

નજીકમાં શંકરનું દેવળ છે. પાસે પીપળાનું ઝાડ છે. લોકો ત્યાં ઊભા છે અને આ મહાન પુરુષને જોઈ રહ્યા છે. તે ભક્તની ભગવાન સાથે એકતા હતી જ. થોડા વખત પહેલાં જ્યાં વાદળનું નામનિશાન નહોતું તે આકાશ વાદળાંથી ઘેરાઈ ગયું. વીજળી થવા લાગી અને વરસાદ તૂટી પડયો. લોકો સુરદાસજીને નજીકના દેવળમાં લઈ ગયા.

પ્રાતઃકાલ થયો. નદીમાં બે કાંઠે પાણી ચાલ્યું જતું હતું. પક્ષીઓના મધુર અવાજથી વાતાવરણ આનંદિત બની ગયું હતું. તરસ્યાં પશુઓએ ધરાઈને પાણી પીધું. ભૂખ્યા લોકોએ રાહતની લાગણી અનુભવી અને આનંદથી રોટલો ખાધો.

સુરદાસજી જવાને તૈયાર થયા તેટલામાં ગામનો નગરશેઠ કંઈક ભેટ લઈને સુરદાસજી પાસે આવી પહોંચ્યો. 'હે મહાત્મા પુરુષ! આ સોનામહોરો

છે. અમે અમારાથી બનતી યત્કિંચિત્ આપની સેવા કરીને કૃતાર્થ થઈએ.'

'શેઠજી! તે નહીં બની શકે. મારા પ્રભુનું નામ વેચવાને માટે નથી. મારે તે સોનામહોરોને શું કરવી છે? જેની પાસે પ્રભુના નામરૂપી સાચું ધન છે તેને બીજા ધનની જરૂર નથી. તે પૈસામાંથી ઘાસ લાવજો, ગાયોને ખવરાવજો; તેમાંથી અનાજ લાવજો અને ભૂખ્યા લોકોને ખાવાનું આપજો...' કહેતાં તે ચાલતા થયા. એક ભાવિક ભક્તે તેમનો હાથ પકડ્યો. તે સંતપુરુષનાં દર્શન કરવાને લોકોનાં ટોળેટોળાં વળ્યાં હતાં.

સુરદાસજીનું નામ ખૂબ જ પ્રખ્યાત થઈ ગયું હતું. લોકો આ દિવ્ય ગાયકનાં દર્શન કરવાને અને તેની વાણી સાંભળવાને મોટી સંખ્યામાં એકઠા થતા. લેખકો તેમને ઘેરી લેતા. સુરદાસજી ગાવાનું શરૂ કરે ત્યારે લેખકો લખવાનું શરૂ કરતા. અનેક લેખકો સુરદાસજીની દિવ્ય વાણી ઝીલવાના પ્રયાસ કરી રહ્યા હતા અને તેમની સાથે ફરતા હતા. તે દિવ્ય ગાયક જ્યારે ગાવા બેસતો ત્યારે લોકોનાં દિલ થંભી જતાં હતાં. માનવસંસ્કૃતિનો અંતરનો ઉલ્લાસ તે દિવ્ય ગાયકના શબ્દેશબ્દમાં તરી આવતો હતો.

*

કોઈએ કહ્યું કે મહાપ્રભુ વલ્લભાચાર્ય સ્વધામ પધાર્યા. આ સમાચારથી સુરદાસજી ઉદાસ થઈ ગયા. દિવસે દિવસે તેમની ઉદાસીનતા વધતી ગઈ.

આજે સુરદાસજી ખૂબ જ પ્રેમથી ગાઈ રહ્યા હતા, તેમના અવાજમાં આશ્ચર્યજનક મીઠાશ લાગતી હતી. લોકો શાંતિથી તેમને સાંભળી રહ્યા હતા. સુરદાસજી સર્જનહારની લીલામાં તન્મય થઈ ગયા છે. લોકો હજારોની સંખ્યામાં બેઠા છે. મિનિટ પર મિનિટ અને કલાક પર કલાક ચાલ્યા જાય છે. લોકોમાંથી કોઈ ઊભું થતું નથી, કોઈ બોલતું નથી, જાણે કે મૂક પૂતળીઓ ગોઠવી હોય! ચારે તરફ, પ્રભુમય બની ગયેલ સુરદાસજીનો અવાજ સંભળાઈ રહ્યો છે. હજારો આંખો સુરદાસજી તરફ જોઈ રહી છે, હજારો કાનો તે હૃદયની દિવ્ય વાણી સાંભળી રહ્યા છે. સભામાં બેઠેલા સૌને એમ લાગે છે કે જાણે તેઓ કોઈ દિવ્ય સ્વપ્નમાં રાચતા હોય!

એકાએક તે અવાજ અટક્યો લોકોમાં કોલાહલ શરૂ થઈ ગયો. સુરદાસજી ગયા. ચારે તરફ અશાંતિ ફેલાઈ ગઈ. 'તે દિવ્ય ગાયક પ્રભુ પાસે ચાલ્યો ગયો.' કહેતાં અનેક લોકો રડી પડ્યા.

અનેક વિદ્વાનો બોલી ઊઠ્યા, "આવા દિવ્ય ગાયકનો જોટો વિશ્વમાં મળવો દુર્લભ છે."

આ જગતનો મહાન વિધાતા કંઈ માણસોને પૂતળા જેવાં કે મડદાલ બનાવી રાખવા માગતો નથી; તે તો એમને શક્તિશાળી બનાવવા માટે જ પોતાનું બધું ધ્યાન રોકે છે. એમનામાંથી ખરા મર્દો ઘડવા માટે એ તેમના પર ગરીબાઈ, મુશ્કેલીઓ અને અડચણોરૂપી હથોડા અને ટાંકણાંના અનેક પ્રહાર કરે છે.

*

માર્ગને શોધી કાઢો અથવા નવો ઉત્પન્ન કરો. દુનિયાની દરેક ચીજ એવી છે કે એને ધક્કો મારશો તો એ દબાઈ જઈને તમને માર્ગ આપશે. અને તમે ધક્કો ખાશો તો તમને દબાવી દઈને તે આગળ આવશે. દરેક સ્થિતિ–સંજોગમાં જાગૃત રહેનારા, દૃઢ ઇચ્છા અને શક્તિવાળા માણસની જ વાત જગત સાંભળે છે.

મહાગુજરાતનું અગ્રગણ્ય
સંસ્કારપૂર્ણ સામાયિક.

"આશીર્વાદ" ને
અમારા અંતરની શુભેચ્છા પાઠવીએ છીએ.

**સોમનાથ મોતીરામ વ્યાસ જે. પી.**
મેવાવાળા
"પ્રેમજીવન" કાજી સૈયદ સ્ટ્રીટ,
મુંબઈ.

